गूजराती त्रीजी चोपडीना अर्थ.

ભૂગોળની વ્યાખ્યા, મુંબઈ બેટની ભૂગોળનો
સાર, કવિતાની સમજુતી, મનોકૃત-
ગણિત, તથા જોડાક્ષરો વગેરે.

બનાવનાર,

ફકીરભાઇ કાસીદાસ,

સુરતની નામદાર સર જમશેદજી જીજીભાઇવાળી નંબર
૧ લાની છોકરાની નિશાળના વડા માજી માસ્તર

તેના છોકરા નગીનદાસ ફકીરભાઇ કાસીદા-
સની વતી છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઇ જગજીવનદાસ.

(સુધારો તથા વધારો કરેલી આવૃત્તિ ૧૨ મી.)

કીમત  ૩ આના.

મુંબઈ,
"તત્વવિવેચક" છાપખાનામાં છાપ્યું.

સન ૧૮૯૮.

बालबोध मूळाक्षर.

(स्वर.)

अ	आ	इ	ई	उ	ऊ	ऋ	ॠ
ऌ	ॡ	ए	ऐ	ओ	औ	अं	अः

(व्यंजन.)

क	ख	ग	घ	ङ	च	छ	ज	झ
ञ	ट	ठ	ड	ढ	ण	त	थ	द
ध	न	प	फ	ब	भ	म	य	र
ल	व	श	ष	स	ह	ळ	क्ष	ज्ञ.

ભૂગોળ.

પૃથ્વીની સપાટી ઉપર પાણી અને કોરી જમીન એ છે. જો પૃથ્વીની સપાટીના ચાર સરખા ભાગ કરીએ તો તેમાંના લગભગ ત્રણ ભાગ **પાણી** છે, અને બાકીની **કોરી જમીન** છે.

ભૂગોળ વિદ્યામાં પૃથ્વીની સપાટીના બે સરખા ભાગ કર્યાછે એમાંના એકનું નામ **પૂર્વ ગોળાર્ધ** અને બીજાનું નામ **પશ્ચિમ ગોળાર્ધ** છે, આ બંને ગોળાર્દ્ધમાં પાણીથી વીંટલાયલી ઘણી જમીનછે. (વાસ્તવિક જોતાં દરેક મોટા દ્વીપ છે.) પૂર્વ ગોળાર્ધ માંહેલી જમીનને **પૂર્વ મહાદ્વીપ** અને પશ્ચિમ ગોળાર્ધ માંહેલી જમીનને **પશ્ચિમ મહાદ્વીપ** કહેછે.

ભૂગોળ વિદ્યામાં આવેલા શબ્દોની વ્યાખ્યા.

કોરી જમીન.

મહાદ્વીપ, ખંડ, બેટ કે દ્વીપ, દ્વીપકલ્પ, સંયોગીભૂમિ, ભૂશિર, ડુંગર, પર્વત કે પર્વતોનીહાર, ખીણ, મેદાન અથવા **પ્રદેશ, ઉચ્ચપ્રદેશ, જળક્ષેપપ્રદેશ,** એ કોરી જમીનના મુખ્ય ભાગોછે.

(૧) પૃથ્વી ઉપરના કોરી જમીનના બે મોટા ભાગ કર્યાછે, તેમાંનો દરેક ભાગ ચારે બાજૂએ પાણીથી વીંટલાયલો છે માટે તેને **મહાદ્વીપ** કે **મોટો દ્વીપ** કહેછે.

(૨) જમીનના જે મોટા ભાગોમાં ઘણા દેશો આવેલા હોય તેઓને **ખંડ** કહેછે.

(૩) ચારે બાજૂએ પાણીથી વીંટલાયલા જમીનના ભાગને **બેટ** કે **દ્વીપ** કહેછે.

(૪) જમીનનો જે ભાગ ત્રણ બાજૂએ પાણીથી તથા એક બાજૂએ જમીનથી વીંટલાયલો હોય તેને **દ્વીપકલ્પ** એટલે લગભગ **દ્વીપ** કહેછે.

(૫) જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધેછે તેને **સંયોગી ભૂમિ** કહેછે.

(૬) જમીનની જે અણી લાંબી થઈને સમુદ્રમાં ગયેલી હોય તેને **ભૂશિર** કહેછે.

(૭) જમીનનો ભાગ થોડો ઊંચો હોય તેને **ડુંગર** કહેછે, અને વિશેષ ઊંચા ભાગને **પર્વત** કહેછે. તળીએથી જોડાયલા ડુંગરા અને પર્વતોને ડુંગરો કે પર્વતોની **હાર** કહેછે.

(૮) ડુંગરો કે પર્વતોની વચ્ચેના નીચા પ્રદેશને **ખીણ** કહેછે.

(૯) લગભગ સપાટ જમીનના વિસ્તારેલા ભાગને **મેદાન** અથવા **પ્રદેશ** કહેછે.

(૧૦) પહાડો ઉપર આવેલા પ્રદેશને **ઉચ્ચ પ્રદેશ** કહેછે.

(૧૧) જે ઊંચી જગ્યાએથી જુદી જુદી દિશાઓમાં પાણી વહે તેને **જળક્ષેપ પ્રદેશ** કહેછે.

(૧૨) જે પહાડના શિખરમાંથી ધુમાડો, બળતા પથરા અને ઊનો ઓગળેલો રસ કોઈ વેળાએ ઘણા જોરથી નીકળેછે, તેને **જવાળામુખી** એટલે **બળતો પહાડ** કહેછે.

(૧૩) જે જમીનનો ભાગ ઘણા ગાઉ સુધી સપાટ રેતાળ હોય અને ઝાડપાન કે પાણી જેમાં જવલ્લેજ હોય તેને **રણ** કહેછે.

(૧૪) નદી કે દરિઆ કાંઠે વેપારના મથકનું જે મોટું શહેર કે જ્યાં દુનિઆના ઘણા ભાગોપરથી વહાણો અને આગબોટો આવજાવ કરે અને તે જથાબંધ રહી શકે એવું જેનું બારૂં હોય તેને **બંદર** કહેછે.

(૧૫) જમીનનો જે ભાગ પાણીના કોઈપણ ભાગની પાસે હોયછે તેને **કિનારો** કે **કાંઠો** કહેછે.

(૧૬) સમુદ્રની અંદર પાણીથી ઢંકાએલો, પથ્થરનો નક્કર ખડક હોય તેને **ખરાબો** કહેછે. ખરાબાપર ભૂલથી વહાણ કે આગબોટ ચઢી ન જાય ને અથડાઈને ભાંગી ન જાય માટે તેનાપર એક ઉંચો પથ્થરનો બુરજ બાંધીને તે ઉપર ફાનસમાં દીવો રાખે છે તેને **દીવાદાંડી** કહેછે.

(૧૭) રાજગાદીનું શહેર હોય એટલે જ્યાં રાજા અથવા રાજાના પ્રતિનીધી રહેતા હોય તેને **મુખ્ય શહેર** કહેછે.

(૧૮) જેમાં ઘણુંએક પ્રાંતો ઇલાકા વગેરે આવેલા હોય અને મુખ્ય કરીને એક દેશી ભાષા બોલનારા વસ્તા હોય તેને **દેશ** કહેછે (જેમકે હિંદુસ્તાન દેશમાં હિંદુસ્તાની ભાષા બોલાય દખ્ખણ દેશમાં દક્ષિણી ભાષા બોલાય અને ગુજરાત દેશમાં ગુજરાતી ભાષા બોલાયછે.)

(૧૯) બે નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને **दोआब** કહેછે અને પાંચ નદી વચ્ચે આવેલા પ્રદેશને **पंजाब** કહેછે.

(૨૦) જેમાં ઘણાં એક સંસ્થાન જીલ્લા વગેરે આવેલા હોય તેને **प्रांत** કહેછે.

(૨૧) જેમાં ઘણાં એક શહેર હોય તથા ખંડીયા મુલકો આવેલા હોય તેને **इलाको** કહેછે.

(૨૨) જે ઘણાં પ્રગણાં મળીને થયો હોય તેને **जील्लो** કહેછે.

(૨૩) જેના તાબામાં ઘણાં નાનાં મોટાં ગામો આવી તાલુકો બંધાએલો હોય તેને **प्रगणुं** કહેછે.

(૨૪) જેમાં થોડાક ઘરોની વસ્તી હોય તેને **गाम** કહેછે.

(૨૫) જેમાં ઘણાં ઘરોની વસ્તી હોય અને બજાર વગેરે હોય એવા મોટા ગામોને **कस्बो** કહેછે.

(૨૬) જ્યાં મોટાં છાબંધ ને હારબંધ ઘરો બાંધેલાં હોય અને સારાં સારાં ચૌટાંને બજાર હોય અને જ્યાં ધમધોકાર વેપાર ચાલતો હોય તેને **शहेर** કહેછે.

पाणी.

महासागर, समुद्र, अखात, उपसागर, सामुद्रधुनी, सरोवर, नदी, मुळ અને **मूख, संगम, खाडी.** એ પાણીના મુખ્ય ભાગો છે.

(૧) પૃથ્વી ઉપરના ખારા પાણીના પાંચ ભાગ કર્યાછે તેમાંના દરેકને **महासागर** કહેછે.

(૨) જે પાણીના ભાગને **समुद्र** કહેછે તે મહાસાગર કરતાં નાનો હોયછે.

(૩) જમીન ઉપર લાંબા ગયેલા સમુદ્રના ફાંટાને **अखात** કહેછે.

(૪) પહોળા મ્હોડાના અખાતને **उपसागर** કહેછે.

(૫) પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને **सामुद्रधुनि** કહેછે.

(૬) જમીનથી વીંટલાયલા પાણીના ભાગને **सरोवर** કહેછે.

(૭) મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઈ સમુદ્રને મળેછે તેને **नदी** કહેછે.

(૮) જે જગ્યાએથી નદી નીકળેછે તે જગ્યાને તેનું **मूळ** કહેછે.

(૯) જે જગ્યાએ નદી સમુદ્રને મળેછે તે જગ્યાને તેનું **मूख** કહેછે.

(૧૦) જે સ્થળે નાની નદી મોટી નદીને મળેછે તેને **संगम** કહેછે.

(૧૧) સમુદ્રને મળતા પહેલા ભરતીનું પાણીમાંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોયછે તેને **खाडी** કહેછે.

(૧૨) દરિયાનું પાણી વારા ફરતી ચઢેછે અને ઉતરેછે તેને **भरती ओट** કહેછે.

(૧૩) વેપારકે ખેતીના વધારા માટે સરોવરકે નદીમાંથી ખોદીને ઘણે દુરલગી પાણીનો મોટો પ્રવાહ લઈ જાય છે તેને **नहेर** કહેછે.

मुंबई शहेर अने बेट.

એ બેટ સપાટ મેદાનછે ને એની આસપાસ નીચા ડુંગરા છે. એ સપાટ મેદાન ૧૧ મૈલ લાંબું અને ૩ મૈલ પહોળું છે.

बारुं के बंदर એ બેટની પૂર્વે તથા એની અને કોકણના કિનારાની વચ્ચે એનું બંદર છે. તેનો વિસ્તાર ૫ થી તે ૭ મૈલ સુધી છે. આસ-પાસ આવેલી જમીન પવનના જોસ્સાને તથા પાણીના ઉછાળાને ખાળી એ બંદરનું રક્ષણ કરેછે. દુનિયામાં સૌથી મોટાંમાં મોટાં બંદ-રોમાંનું એક બંદર એ છે. એમાં વહાણો અને આગબોટો હમેશાં જથાબંધ રહેછે, ને દુનિયાના સઘળા ભાગો તરફ આવ જાવ કરેછે.

बेट મુંબઈ એજ ટાપુ કે બેટ છે કેમકે તેની આસપાસ આરબી સમુદ્ર છે. એના બંદરમાં કેટલાક બેટ છે તેમાંનો **घारीपूरी** નામે ઘણો પ્રખ્યાત છે, કેમકે તેમાં ડુંગરમાં કોરીને દહેરાં કર્યાં છે.

મુંબઈના વિભાગ મુંબઇના વિભાગ ૨ છે. કોટ અને બહારકોટ મુંબઇ બેટની જે બાજુએ બંદર છે તેજ બાજુએ પહેલાં કોટ હતો (કોટ પાડી નાંખેલોછે તોપણ હજી નામ રહ્યું છે.) એ ભાગમાં મોટા મોટા વેપારીઓની અને સાહુકારોની જોવા લાયક દુકાનો તથા સરકારી **વસુલાત, ન્યાય, પોસ્ટ, તાર.** અને બીજાં ખાતાંઓછે, ને તેઓને માટે રોનકદાર મોટાં મકાનો છે.

જોવા લાયક જગાઓ.

કોટમાં પ્રિન્સ ઑફ વૅલ્સનો ઘોડો, ટાઉનહાલ, ટંકશાલ, હાઇકોર્ટ, તારહાફીસ, સેક્રેટરીએટ ઑફીસ, જનરલપોસ્ટ ઑફીસ, એલફીનસ્ટન સરકલ, ઑલફીનસ્ટન કૉલેજ, ખ્રિસ્તિ લોકનું દેવળ, ગોદી, રાજાબાઇ ટાવર, યુનિવરસિટી હૉલ, રાણીનું બાવલું, તથા દીવાદાંડી વગેરેછે.

બહારકોટમાં બોરીબંદરનું સ્ટેસન, મ્યુનિસિપાલ ઑફીસ, એલફિ-સ્ટન હાઈસ્કુલ, સેંટઝેવીઅર સ્કુલ, કાફર્ડમારકિટ, કાપડમારકિટ, ભુલેશ્વર શાકબજાર, પાંજરાપોળ, માધવબાગ, બાબુલનાથનું મંદિર, વાલકેશ્વર, મહાલક્ષ્મી, સર જમસેદજી જીજીભાઈની હોસ્પીટાલ, રાણીનો બાગ અને સરકારી મહેલ, રેલ્વેના કારખાનાં તથા કાપડ બનાવવાની મીલો વગેરે ઘણી જગાઓ જોવા લાયક છે.

રેલવે મુંબઈ બેટની બે બાજૂએ રેલ્વેની સડક છે. પૂર્વ તરફ કલકત્તા અને મદ્રાસની તરફ જતી જી. આઇ. પી. રેલ્વે છે. અને પશ્ચિમ તરફ વડોદરે અને અમદાવાદ જતી બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વે છે. અને તેઓને માટે ભભકાદાર સ્ટેશનો બાંધેલા છે.

વસ્તી મુંબઈ શહેરની વસ્તી ૮,૨૧,૭૬૪ માણુસની છે. લંડન બાદ કરતાં અંગ્રેજી રાજ્યમાં તે મોટામાં મોટું શહેરછે.

ભાષા મુખ્યત્વે કરીને એમાં મરાઠી અને ગુજરાતી ભાષાઓ બોલાય છે; પરંતુ વેપારને અર્થે દુનિયાના જુદા જુદા ભાગોમાંથી આવેલા લોકો અંગ્રેજી, હિંદુસ્થાની, વગેરે ભાષાઓ બોલેછે.

તળાવ મુંબઇમાં મુંબાદેવીનું તળાવ, ગોવાળીયા તળાવ, બાબુલા તળાવ, વાલકેશ્વરનું તળાવ, વગેરે ઘણા તળાવ છે પણ શાષ્ટીમાં મુંબઇથી કેટલેક દૂર સરકારે ત્રણ મોટાં તળાવ બાંધ્યા છે. તેના નામ **વીહારનું** તળાવ, **તુળશીનું** તળાવ, અને **તાનશાનું** તળાવ, તેમાંથી લોઢાના નળો વડે મુંબઇમાં મીઠું પાણી પુરૂ પાડેછે.

ડુંગર મહાલક્ષ્મીનો ડુંગર, વાલકેશ્વરનો ડુંગર, ખંભાલાનો ડુંગર, એ ડુંગરો ઉપર મુંબઇના મોટા સાહુકારો તથા યુરોપીઅનના મોટા બંગલા છે, એ શીવાય બીજા ડુંગરો છે તેમાં પથરની મોટી ખાણો છે. તે ઇમારતો બાંધવાના કામમાં આવે છે.

મેદાન મુંબઇમાં કોટ અને બહારકોટની વચ્ચે એક મેદાન છે તેમાં લશ્કરનો પડાવ રહેછે તથા તેમાં લશ્કરી કવાયત લેવાય છે ને ત્યાં કોઇવેળા બૉલબેટના (મૅચ) મોટા મોટા ખેલો થાય છે.

બંદર પાલવાબંદર, બોરીબંદર, મસીદબંદર, માંડવીબંદર, કરનાકબંદર, ઍલફીન્સ્ટનબંદર, વાડીબંદર, ટાંકબંદર, કોલશાબંદર ને ચોપાટીબંદર.

ગોદી સાસુનડૉક, પ્રિન્સિસડૉક, વિક્ટોરીયાડૉક, કોટની ગોદી તથા મઝગામની ગોદી, એ પાંચ શિવાય છઠ્ઠી એક તરતી ગોદી છે, તેને હોગ આયલંડ કહેછે.

વિદ્યાલયો ઍલફીન્સ્ટન કૉલેજ, ઍલફીન્સ્ટનહાઇસ્કુલ, સૅન્ટઝૅવીએર કૉલેજ તથા ઇંજિનીઅરીની અને વૈદકની કૉલેજો તેમજ હુન્નરકળાની અનેક શાળાઓ તેમાં છે.

હુન્નરકળા રંગારા, કંશારા, ચમાર તથા બીજા સેંકડો કારીગરો પોતાના હુન્નર એ બેટમાં કરેછે પરંતુ સૌકરતાં વધારે મોટો ધંધો સુતર કાંતવાનો અને કાપડ વણવાનો છે. એ બેટમાં વરાળ યંત્રથી ચાલતા કાંતવાના અને વણવાના સંચા હાલમાં ઘણા છે, ને તેવડે હજારો માણસને રોજી મળેછે.

ખેતી ડાંગર, ભીંડી, ડુંગળી, (કાંદા) દુધી, કોળું, કાકડી વગેરે શાકભાજીપણ મસ થાય છે.

મ્યુનિસિપાલખાતું તેને માટે ખાશ મોટી ઇમારત ચણાવેલી છે, તથા સરકાર અને રૈયત કેટલાક માણસોને પોતાની તરફથી ચુંટી કહાડેછે. તે કારપોરેશનની સભામાં બીરાજેછે તથા એક **મ્યુનિસિપાલ કમિશનર** ઠરાવેલોછે તે તેમની સલાહાથી સઘળો વહીવટ ચલાવેછે.

વસુલાતખાતું જમીન પરના અને સ્ટાંપના કર વસૂલ કરવા માટે અંગ્રેજ સરકારે એક કલેકટર રાખેલો છે, અને વહાણોથી જે માલ આવેછે તે ઉપર દાણ ઠરાવ્યું છે. તે વસૂલ કરવા માટે **કસ્ટમ કમિશનર** નીમેલોછે.

ન્યાયખાતું મુંબઇમાં હાઇકૉર્ટ છે. મુંબઈ શહેરના રેહેવાશીઓના કજીઆ ચૂકવવા, તથા જીલ્લાના જડજો અને માજીસ્ટ્રેટોના કામ ઉપર દેખરેખ રાખવી, તેમની ભૂલ સુધારવી, અને તેઓના ઇન્સાફ ઉપર **અપીલ** સાંભળવી એ તેનું કામ છે.

રાજધાની મુંબઈ ઇલાકાની રાજધાની મુંબઇ બેટ છે. ઇ૦ સ૦ ૧૬૬૧ માં પોર્તુગાલના રાજાને ઇંગ્લાંડના બીજા ચાર્લસ રાજાને એ બેટ કન્યાદાન જોડે આપ્યો હતો. ત્યાર પછી વસ્તી અને વિસ્તારમાં ભસ વધારો થયોછે.

રોનક મુંબઇ શહેરની સાર્વજનિક ઇમારતો, ધનવાન લોકોનાં મકાનો, રાજમાર્ગો, બાગબગીચા, વગેરે ઘણા શોભાયમાન છે ને એવી રચના આખા ઇલાકામાં બીજે કોઈ ઠેકાણે નથી.

મુંબઈ શહેરના મુખ્ય ભાગો નીચે જણાવ્યા છે.

૧ કોલાબા. ૨ કોટ. ૩ એસપ્લેનેડ. ૪ ધોબીતલાવ. ૫ મારકીટ. ૬ માંડવી. ૭ ભુલેશ્વર. ૮ ખેતવાડી. ૯ ઉમરખાડી. ૧૦ ગીરગામ. ૧૧ ચોપાટી. ૧૨ મલબારહીલ. ૧૩ ખંબાલાહીલ. ૧૪ તાડદેવ. ૧૫ કામાઠીપુરા. ૧૬ ભાયખળા. ૧૭ મજગામ. ૧૮ ચીંચપુગલી. ૧૯ પરેલ. ૨૦ નાયગામ. ૨૧ વરલી. ૨૨ સીવરી. ૨૩ દાદર. ૨૪ માટુંગા. ૨૫ માહીમ. ૨૬ ધારાવી. ૨૭ સીમ.

परचूरण हिसाबो.

૧ ૨૪ પૈસાના આના કેટલા? જ—।≡ આના.

૨ ૧॥ મણના કેટલા શેર થાય? જ—૬૦ શેર.

૩ ૨॥ શેરના રૂપીઆભાર કેટલા? જ—૧૦૦ રૂપીઆ ભાર.

૪ એકશેર દુધીના બે પૈસા પડેછે તો ॥॰ મણ દુધીના કેટલાપૈસા પડે? તેના કેટલાઆના થાય? જ—૪૦ પૈસા ૧૦ આના.

૫ એક માણસ રોજ ૨ શેર અનાજ ખાયછે, તો તેને ૧। મણ અનાજ કેટલા દીવસ ચાલશે? જ—૨૫ દીવસ.

૬ ત્રાજુડીના એક પલ્લામાં ૧૫ રૂપીઆ મૂકીએ, તો બીજા પલ્લામાં કયાં કાટલાં મૂકીએ તો બરાબર તોળાઈ રહે? જ—૧ પાશેર ૧ નવટાંક.

૭ ૪૫ શેર, તે એક મણથી કેટલાશેર વધારે? જ—૫ શેર.

૮ ૧। મણમાંથી ૨ શેર લઈએ તો કેટલા શેર રહે? જ—૪૮ શેર.

૯ હું રોજ ૫ હિસાબ શીખું છું તો ૩૦ દીવસમાં કેટલા હિસાબ શીખાય? જ—૧૫૦ હિસાબ.

૧૦ મને રોજના બેઆના મળેછે તો ૨૪ દીવસનામળીને કેટલાં રૂપીઆ થાય? જ—૩ રૂપીઆ.

૧૧ એક રૂપીઆનું ૨॥ શેર ઘી મળેછે તો ૧ મણના કેટલા રૂપીઆ પડે? જ—૧૬ રૂપીઆ.

૧૨ ૩૨ શેર તે એક મણમાં કેટલા શેર ઓછાછે? જ—૮ શેર.

૧૩ ૨૦૦ શેરના મણ કેટલા? જ—૫ મણ.

૧૪ એક મણના રૂપીઆ ભાર કેટલા? જ—૧૬૦૦ રૂપીઆ ભાર

૧૫ કેરીઓનો ઢગલો હતો, તેમાંથી દરેકને ૩ શેર એપ્રમાણે ૩૨ માણસોને આપી; હજુ ૪ શેર વધીછે તો ઢગલામાં મૂળ કેટલી કેરીઓ હશે? જ—૨॥ મણ

૧૬ મારીપાસે રૂ ૧॥ હતા; તેમાંથી રૂ ॥॰ ની ટોપી લીધી, બેઆનાની સ્લેટ લીધીને ૧૨ પૈસાની ચોપડી લીધી તો મારીપાસે શું વધ્યું? જ—૭ આના.

૧૭ ત્રાજુડીમાં એક તરફ એક પાશેરો, અને એક નવટાંકી મૂકીએ તો તેને બરાબર તોળવાને બીજી તરફ કેટલા પૈસા મૂકવા પડે?
જ—૨૭ પૈસા.

૧૮ બે બેઆની ઓમારી પાસેછે તેના પૈસા લેવા હોયતો કેટલા મળે?
જ—૧૬ પૈસા

૧૯ મારી પાસે એક અર્ધો રૂપીઓછે તેની બેઆનીઓ કેટલી આવશે?
જ—૪ બેઆની.

૨૦ ૭૫ બદામના પૈસા કેટલા?
જ—૩ પૈસા.

૨૧ ૧। મણ ઘઉં હોય અને તેમાંથી રોજ ૨ શેર ખાઇએ તો કેટલા દિવસ ચાલે.
જ—૨૫ દિવસ.

૨૨ એક માણુસ ને રોજ નવટાંક ઘી જોઇએછે તો તે ૨૦ દિવસમાં કેટલું ખાશે?
જ—૨॥ શેર.

૨૩ રૂ ૧॥ આઠ જણા વચ્ચે સરખે ભાગે વહેંચવાનો હોય તો દરેકને કેટલું આવે?
જ—)≡ આના.

૨૪ મારી પાસે ત્રણ બે આનીઓ અને ૪ પૈસા છે તો દરેક બ્રાહ્મણને પૈસો પૈસો આપીએ તો કેટલાને પહોંચ?
જ.—૨૮ બ્રા.

૨૫ ૮ પૈસા છે તે દરેકને બબે પાઇઓ આપીએ તો કેટલાને પહોંચે?
જ.—૧૨ જણને.

૨૬ ૧॥ મણ અને ૫ શેર; તેના શેર કેટલા?
જ.—૬૫ શેર.

૨૭ ૧ મણ અનાજ છે તેના પાંચ શેર પાંચ શેર જેવડા ઢગલા કરીએ તો કેટલા ઢગલા થાય?
જ— ૮ ઢગલા.

૨૮ એક માણુસ મારી પાસે છ આના માંગતો હતો; તેને મેં એક અર્ધો રૂપીઓ આપ્યો. ત્યારે મેં કેટલું વધારે આપ્યું?
જ.—)= વધારે.

૨૯ મારી પાસે બે પાવલાં છે; તેના કેટલાં પૈસા આવે?
જ.—૩૨ પૈસા.

૩૦ બે નવટાંક અને એક અધોળ, તેના અધોળ કેટલા?
જ.-૫ અધોળ.

૩૧ ૩૬ પૈસા ભારના અધોળ કેટલા?
જ.—૮ અધોળ.

૩૨ અઢી પાસેરના રૂપીઆભાર કેટલા થાય?
જ.—૨૫ રૂપીઆભાર.

૩૩ દરેક જણ પાસેથી ૪ પૈસા ઉઘરાવીએ તો ૧૬ માણુસના મળીને કેટલા રૂપીઆ થાય?
જ.—૧ રૂપીઓ.

૩૪ રૂ ·ના· ૮ માણુસો વચ્ચે ઉઘરાવાનો છે દરેકને કેટલું આપવું પડશે?. જ.—)–આનો.

૩૫ રૂ ·ાા· ના આના કેટલાં પાવલાં કેટલાં? બે આનીઓ કેટલી? પૈસા કેટલાં? જ.—૧૨ આના. ૩ પાવલા. ૬ બેઆની. ૪૮ પૈસા.

૩૬ ૧૮ અધોળમાં કેટલાં અધોળ ઉમરીએ તો શે.૧ાા થાય? જ.—૬ અધોળ.

૩૭ ૧ મણના દશ ભાગ પાડો. દરેકને શું આપ્યું? જ.—૪ શેર.

૩૮ ૧૦ રૂપીઆ ભાર તે કેટલા પૈસા ભાર થાય? જ.—૧૮ પૈસા ભાર.

૩૯ ૧ા શેરના પૈસાભાર કેટલા? જ.—૯૦ પૈસા ભાર.

૪૦ ૧૫ શેર ઘઉંમાં ૫ શેર ઉમેરીએ તો કેટલા મણ થાય? જ.—ાા· મ૦.

૪૧ ૧૧ રૂપીઆભારમાં ૪ રૂપીઆભાર ઉમેરીએ તો કુલ કેટલા અધોળ થાય? જ.—૬ અધોળ.

૪૨ એક માણુસ પાસે હું ૧૩ આના માંગતો હતો તેણે મને રૂ૧) આપ્યો તો એણે કેટલા આના વધારે આપ્યા? જ.—)≡ આના.

૪૩ ·ાા· મણ ઘીમાંથી ૨૫ શેર વાપર્યું તો કેટલું રહ્યું? જ.—૫ શેર.

૪૪ એક છબૂની બદામો કેટલી? જ.—૫૦ બદામ.

૪૫ ૧ાા રૂપીઆના કેટલા પૈસા મળે? જ.—૯૬ પૈસા.

૪૬ ૧૩ અધોળના રૂપીઆ ભાર કેટલા? જ.—૩૨ાા રૂપીઆભાર

૪૭ ૨૫ રૂપીઆભારના અધોળ કેટલા? જ.—૧૦ અધોળ.

૪૮ ૩૦ રૂપીઆ ભારનાં નવટાંકો કેટલા થાય? જ.—૬ નવટાંક.

૪૯ ૫ાા રૂપીઆને એક બેઆની આપીએ તો રૂ ૬ માં કેટલા આના ઓછા થાય? જ.—૬ આના.

૫૦ ત્રણ નવટાંકને બે અધોળ તે શે. ·ાા· માં કેટલું ઓછું અથવા વધતું થાય? જ.—કંઈ નહિ (બરાબર).

૫૧ એકેક પાઈ આપીએ તો રૂ·। કેટલા જણને પહોંચે? જ—૪૮ જણાને.

૫૨ દરેક માણુસ બેરૂપીઆભાર ઘી ખાય તો શે ૧ાા ઘી કેટલા માણુસોને ચાલે? જ—૩૦ માણુસ.

૫૩ ત્રણ ત્રણ પૈસા ભારની એક સોપારી લઇએ, તો શેર ૧નીં કેટલી સોપારી તોળાય? જ—૨૪ સોપારી.

૫૪ એક શેરના ત્રણ સરખા ભાગ પાડો. જ—૨૪ પૈસાભાર.

૫૫ એક આનાના ત્રણ સરખા ભાગ પાડો. જ—૪ પાઈ.
૫૬ એક રૂપીઆના ત્રણ સરખા ભાગ પાડો. જ—૫ આનાને ૪ પાઈ.
૫૭ મારી પાસે ૩૦ પૈસા હતા. ને બીજો અર્ધો રૂપીઓ મળ્યો તો બીજું કેટલું મળે તો રૂ ૧) પૂરોથઇ રહે? જ—॥ આનો
૫૮ ૧૮ પાઇઓના કેટલા પૈસા મળે? જ—૬ પૈસા.
૫૯ હું રૂપીઆ એકનું પરચુરણ લાવ્યો. એક અર્ધો, એક પાવલી, એક બેઆની, અને બાકીના છૂટા પૈસાછે. તો પૈસા કેટલાહશે? જ—૮ પૈસા.
૬૦ ૧॥ રૂપીઆના દોકડા કેટલા. જ—૧૫૦ દોકડા.
૬૧ ૫૬॥ દોકડા તે રૂ. ॥· કરતાં કેટલા આના વધારેછે? ૧— આનો
૬૨ ૪૮ બદામના કેટલા દોકડા થાય? જ—૩ દોકડા.
૬૩ ૫૨૫ બદામના કેટલા આના થાય. જ—સવાપાંચ આના.
૬૪ ૩॥ આનાની બદામો કેટલી? જ—૩૫૦ બદામ.
૬૫ મારે શેર ૧॥ ઘીલેવું છે, કાટલું એકેનથી, પૈસાછે, કેટલા પૈસા મૂકીને જોખી લેવું? જ—૧૦૮ પૈસા.
૬૬ શેર ॥· અને એક નવટાંક; તેની અધોળીઓ કેટલી? ૧૪ અધોળી.
૬૭ અઢીશેરનું એક માપ હોય તો તેવાં કેટલાં માપથી ૧ મણ થાય? જ—૧૬ માપ
૬૮ એક અઢીશેરના માપની કીંમત એક આનો હોય તો મણની શી કીમત થાય? જ—૧૬ આના.
૬૯ ૧ શેરનો ભાવ ૨॥ દોકડા ગણીએ તો મણનું શું થાય? ૧૦૦ દોકડા.
૭૦ એક અધોળના ૪ આના બેસે તો ૧ શેરના કેટલા રૂપીઆ બેસે? જ—૪ રૂપીઆ.
૭૧ એક પાવલું, ૭ પૈસા, ૯ પાઈ, ૧૨॥ દોકડા, અને ૨૫ બદામો. અને એકઠ્ઠણુ એનો સરવાળો કરો? જ—॥— આના.
૭૨ ૩, શેરના ૧૦ ભાગ પાડો. તો દરેક ભાગમાં કેટલું આવે? જ—૧૨ રૂપીઆ ભાર.
૭૩ મારી પાસે રૂ. ૧॥ હતો તેમાંથી બે પૈસે શેર લેખે ॥· મણ ને ૫ શેર કારેલાં લીધા તો શું વધ્યું? જ—૬॥ આના.

૭૪ એક વાસણમાં ૮ શેર ઘઉં માય છે મારે બે મણ લેવા હોય તો તે વાસણ ભરીને કેટલીવાર લેવા ? જ—૧૦ વાર.
૭૫ ૧। શેરનો લોટો ભરીને કેટલીવાર દૂધ લઇએ તો ૧ મણ થાય? જ—૩૨ વખત.
૭૬ ૫। શેરનો ત્રીજો ભાગ કેટલા પૈસા ભાર થાય ? જ—૧૨૬ પૈસા ભાર.
૭૭ ૪ શેરના કાટલાંથી કેટલીવાર જોખીએ તો ॥ મણ થાય. જ—૫ વાર.
૭૮ ૩૦ દોકડાની બદામો કેટલી ? જ—૪૮૦ બદામ.
૭૯ ૨૦ મણના કેટલા શેર થાય. ? જ—૮૦૦ શેર.
૮૦ ૩૫ રૂપીઆભારના અધોળ કેટલાં? કેટલે અઢીએ એ ૩૫? જ—૧૪ અધોળ ને ૧૪ અઢીએ.
૮૧ ૮૫ શેરમાં આખા મણ કેટલા છે ને કેટલા શેર વધે? જ—૨ આખા મણને ૫ શેરવધે.
૮૨ અર્ધા રૂપીઓને એક આનો, તેના પૈસા કેટલા આવે?જ—૩૬ પઇસા.
૮૩ ૧૮॥ દોકડાના આના કેટલા? પાઇઓ કેટલી? જ—)≡ આના. ને ૩૬ પાઇ.
૮૪ ૬ પાઈના ઉપઆના કેટલા? જ—૮ ઉપઆના.
૮૫ ૧૦ પઇસાના આના કેટલા? ઉપઆના કેટલા? જ—)=॥ આના ને ૪૦ ઉપઆના.
૮૬ ૧॥ રૂપીઆભારતે અધોળથી કેટલું ઓછું રહે? જ—૧ રૂપીઆ ભાર.
૮૭ ॥ મણ, તે ૨૮ શેરથી કેટલું ઓછું ? જ—૮ શેર.
૮૮ બે શેર ઘીછે. ને જમનાર ૧૨ જણ છે, દરેક ને કેટલું આવશે? જ—૧૨ પૈસાભાર.
૮૯ દરેક માણુસને ૮ પાઇ આપીએ તો રૂ.॥ કેટલા માણુસને પહોંચે? જ—૧૨ માણુસ.
૯૦ રૂ.।= છે. દરેકને બે પૈસા આપીએ તો કેટલાને પહોંચે? જ—૧૨ જણને.
૯૧ ૧ પૈસાની ૬ પેનો લેખે ૯૬ પેનોના કેટલા રૂપીઆ પડે? જ—। રૂપીઓ.

(દરેક પાઠમાં આવેલા જોડાક્ષરો).

મૂક્યો.	પરમેશ્વર.	અભ્યાસ.	રાખ્યું.	શ્વાસ.
મચ્યાં.	ધાન્ય.	ત્રણ.	મધ્યમ.	મહોલ્લા.
ડાહ્યો.	આપ્યા.	બેસાડ્યા.	સામર્થ્ય.	સ્ત્રી.
સ્વભાવ.	ગમ્યો.	ભૂસ્કા.	બન્યું.	બાંધ્યું.
નક્કી.	ખીજ્યા.	શુક્ર.	વધ્યાં.	પાડ્યો.
સંગ્રહ.	ક્રોડ.	આથમ્યા.	મૂક્યાં.	ગૃહસ્થ.
શોધ્યું.	કિલ્લા.	બોટ્યો.	સ્વાદ.	વ્યંજન.
બચ્યાં.	જન્મ.	જુક્તિ.	રાંધ્યાવગર.	સ્પષ્ટ.
મનુષ્ય.	શેખસલ્લી.	આળોટ્યા.	સુદ્ધાં.	વિરામચિન્હ.
લુચ્ચાઇ.	છોવરાવ્યો.	ન્યાલ.	કલ્લોલ.	પ્રત્યેક.
ઊપજ્યો.	રસ્તાપર.	તુચ્છ.	ભૂખ્યાં.	ધર્મપુસ્તક.
બનાવ્યું.	ચિત્ર.	મચ્છર.	ભઠ્ઠી.	વિશ્વાસ.
કસ્બો.	ગળ્યો.	સંતાડ્યો.	અન્ન.	મુશ્કેલ.
ઇંદ્રિયો.	મંડ્યા.	કોષ્ટક.	વાળ્યો.	મેળ્યો.
ચોખ્ખું.	નાંખ્યું.	કલ્લા.	બાસ્તો.	ભાળ્યો.
સજ્જન.	ક્યારડા.	પુણ્ય.	મુદ્દલ.	છેલ્લે.
વિખ્યાત.	અજાણ્યું.	લલ્લુ.	વિશ્વપતિ.	ત્રગડા.
				પુસ્તક.

मूळाक्षर.	झवेरखानुं.	समजावी.	मेल्यो.	मलम }
झवेरी.	झीणां.	रुपिआ.	फकीर.	नसाई. }
पांखडा.	धनवान.	फूआ.	रुपाळो.	
चीकाश्.	धर्म.	धूतारो.	दोहरो.	लक्षण.
चूनोओ.	फोसलावी.	धमकावी.	मोळूं.	दीसेछे.

૬૮૦૫

गूजराती त्रीजी चोपडीना अर्थ.

(ના)=નામ. (વિ)=વિશેષણ, (અ)=અવ્યય.
(સ)=સર્વનામ. (ક્રિ)=ક્રિયાપદ. (કૃ)=કૃદંત.

પાઠ ૧ લો.

ભાગ (ના) કટકા.
ડાયો (વિ) ડાઘવાળો. (કુતરાનું નામ).
પાલવવું (ક્રિ) ખોજવું, પરવડવું.
મૂર્ખો=બેવકુફ, અણઘડ.
રમતીઆળ (વિ) જેનો રમતમાં જીવ ઘણો તે, નાહાન.
આળસુ (વિ) સુસ્ત, એદી.
ચોકી (ના) પહેરો, ચોકસી
પાલવે (ક્રિ) ખોજે, પરવડે.
અહીં આવ=આમઆવ, આણીતરફ આવ.
મૂકયો=મેલ્યો, બેસાડયો.
દર (ના) મ્હોટું બાકું, કાણું
ચકલી (ના) મ્હોટી ચકલી.
પંખી (ના) પાંખવાળા પશુ, પક્ષી.
ચારો (ના) ઘાસ તંખલાં વગેરે. (દાણા).
ધણી (ના) શેઠ; માલીક.

પાઠ ૨ જો.

ઝંખવાણો=ઝાંખો, વિલો
મચ્યાં=મંડ્યાં, વળગ્યાં.
જીવતર (ના) જીવવું, જીંદગાની.
ધૂળપડી મારા જીવતરમાં=મારી જીંદગી નકામી ગઇજેહું કાંઇ ભણ્યો નહીં.
મનાકરીશ=નાપાડીશ.
નવરાશ (ના) ફુરસદ.
વિચાર (ના) મનસુબો.
સરખાં=જેવાં, બરાબર
નકામાં (વિ) કામવગરનાં, કામથી પરવારેલા, નવરા.
જનાવર (ના) ચોપગાં પશુ, જાનવર, હેવાન.
કામ (ના) ધંધો, રોજગાર.
જગત=દુનિઆ, પૃથ્વી.
ઠોઠ (ના) મુરખ, અણઘડ.
વલે (ના) હાલ, હવાલ,
પસ્તાવો (ના) ખેદ, અફસોસ, દલગીરી.
ફેરવીને (કૃ) બદલીને.

પાઠ ૩ જો.

સદાચરણ (ના) સારી ચાલ, સારા આચરણ, સારી રીત.
પહેલ (અ) પહેલા.
સહેલ (અ) સહેલીરીતે.
વાણ (ના) વાણી, મધુર શબ્દ.
જન (ના) માણુસ, સખસ.
કોપવું (ક્રિ) ગુસ્સે થવું, રીસે ભરાવું.
જન્મ=જીંદગાની, દેહ.
મીઠી (વિ) સારી, મધુર.
ડાહો (વિ) શાણો, સમજુ, સમજણવાળો.

(કવિતાની સમજુતી). (૧).

જે માણસ જગતમાં જન્મીને પહેલ વહેલાં સારી રીતથી ચાલવું એવું જે સમજે, તે સહેલથી સુખ પામે. (૧). જે માણસ જાણીતી વાતો કર્યા કરે, ને મ્હોઢેથી મીઠા શબ્દ બોલે, તેમ બીજા ઉપર ગુસ્સો કરે નહીં તેને ડાહ્યો (જાણીતો) સમજવો. (૨).

પાઠ ૪ થો.

વગડાઉ (વિ) રાની, જંગલમાંની.
ડાંસ=મચ્છર, મગતરાં.
ટૂંકા (વિ) નાના, બટકા.
ધાર (ના)વેહેતી કોરણ.
જબરૂં (વિ) જોરાવર.
જોરાવર (વિ) મજબૂત.
પછવાડે=પાછલી તરફ.
વળેલાં (વિ) મરડાયલાં.
કોરે (ના) બાજુએ.
કઠણ (વિ) મજબૂત.
વાળ(ના)બાલ, નિમાળા.
આછા(વિ)થોડા, ઝીણા.
હીંડેછે (ક્રિ) ચાલેછે.
ડીલ (ના) શરીર, અંગ
તળાવ(ના) નાનુંસરોવર.
નર (ના) ભાયડા, મરદ.
હળ (ના) જમીન ખેડવાનું લોઢાનું અણીદાર હથિઆર.
પોચી (વિ) નરમ.
પૂરી પડે (ક્રિ) બરઆવે હંફાવે, સામી થાય.

પાઠ ૫ મો.

ગાળાગાળી=ગાળોબાજી
સ્વભાવ(ના) ખાશીઅત, મીજાસ, પ્રકૃતિ.
સજા (ના) શિક્ષા.
દંડ (ના) ગુન્હાને બદલે રૂપીયા લેવાની શિક્ષા
રાજકુંવર (ના) રાજાનો છોકરો, રાજપુત્ર.
શિક્ષા (ના) સજા, દંડ.
વડાઈ (ના) મ્હોટાઈ.
અણસમજુ (વિ) સમજ વગરનો, નાદાન.
યાદ રાખવું (ક્રિ) કાયમ રાખવું, ભુલી ન જવું.
સાર (ના) સારૂં, મતલબ.
નઠારો(વિ) ખરાબ, ભુંડો
ગરીબ (વિ) પૈસા વગરના, નિરધન, રંક.
ફર્યાદ(ના) અરજ, રાવ.
કચેરી(ના)દરબાર, રાજસભા.
ફલાણો(વિ) હરેક, મુકરર કરેલા.
બંદીખાને(ના)કેદખાને.
ઘટે તેવી (વિ) જોઇએ તેવી, લાયક.
માફ(ના)જવાદેવુંતે,ક્ષમા
વચન (ના)સુકન, વણ.
કુંવર (ના) રાજાનો છોકરો.
વેળા (ના) વખત, સમે.
જવા દઉં (ક્રિ) માફ કરૂં, મૂકી દઉં.

પાઠ ૬ ઠ્ઠો.

ભાખતા (વિ) કહેતા, બોલતા.
જશ (ના) માન, કીર્તિ.
બાળકી (ના) છોકરી.
તોલ (ના) વકર, ભાર, બોજ, આબરૂ.
ભુંડા (વિ) ખરાબ, દુષ્ટ.
ભુંડું (ના) નઠારૂં,ખરાબ

શબ્દ.
ખોટી(વિ)નઠારી,નકામી,
જગ(ના)જગત,દુનીઆ.
મૂરખ (ના) બેવકૂફ,
ઠોઠ.
જાણવો (ક્રિ) સમજવો.
દુખિયો(વિ)હેરાન,દુઃખી
બાળક (ના) છોકરો.
બોલ (ના) શબ્દ.
નક્કી (અ) ખચીત, નીશ્ચય.
નાર(ના) બાયડી,બઇરી.

(કવિતાની સમજુતી). (૨).

ભુંડા લોકો મોમાંથી નઠારા શબ્દ બોલીને, લોકોની નઠારી ગાળો ખાય, એવા મ્હોટા બેવકૂફોની જગતમાંથી આબરૂ ઓછી થાયછે (૧). જે માણસ નઠારા શબ્દ બોલે, ને સામા માણસને ગાળ દે ને પોતે ખાય, તેને અણઘડ સમજી લેવો, તે આગળ જતાં બહુ હેરાન થાય. (૨). માટે જે છોકરી કે છોકરો જેવો બોલ બોલશે, તેવોજ લોકોમાં તેનો ભાર વક્કર વધશે. (૩).

પાઠ ૭ મો.
દેશ (ના) મુલક.
ચાલ (ના) ધારો, રીત.
રીતભાત(ના)રીત,રસમ.
સુરવાળ=સાંકડી ઇજાર.
ચોરણો (ના) ટુંકો-લેંઘો.
પહેરવેશ (ના) પોશાક, પહેરેલાં લુગડાં.
મારવાડી (ના) મારવાડના રહેવાસી
ઘૂમટો (ના) માથાપર ઓઢેલો છેડો મોંપર અગાડી કાઢવો તે, (લાજ).
ધોતીઆં (ના) પોતીઆં.
દક્ષિણી=દક્ષિણ દેશના-રહેવાસી.
સાહેબ લોક (ના) ગોરા લોક, અંગ્રેજ લોક, ટોપીવાળા.
બૈરાં (ના) બાયડીઓ.
ઘાઘરા (ના) ઘેરવાળો ઝુલતો ચણીઓ.
બોલી (ના) ભાષા.
ફેર (ના) તફાવત, ફરક.
ભાકર (ના) રોટલી.
રોટી (ના) રોટલી.
હબશી (ના) સીદી.
ગોરી=સફેદ, ઉજળી.

પાઠ ૮ મો.
સંઘરો (ના) એકઠું, બંડોલ, છત, શીલક.
કણ (ના)રચકણુ, કણી.
સંગ્રહ (ના) એકઠું.
રૈયત (ના) પ્રજા.
સંઘાત=સોબતી, સાથે.
દુકાળ (ના) મોંઘવારી, અનાજ પાણી નહીં મળે એવો વખત.
કોઠાર (ના) દાણાભરી મુકવાનો કાદવનો કે લાકડાનો ખજાનો.
હેરાન (અ) દુઃખી.
સુકાળ (ના) સોંઘવારી.
પ્રધાન (ના)વજીર, કરતો હરતો.
પોપડો (ના) પડ.
ગંજીઓ (ના) ઘાસના મોટા ઢગલા.
ખાણુ(ના)અનાજભરી

મૂકવાને ભોંયતળી-
આ નીચે કૂવા જેવા
કરેલા ખાડા.
અચરજ (ના) નવાઈ.
ચંદી (ના) દાણો, ચણા.
વિના (અ) વગર,
શિવાય.
દુબળાં (વિ) નબળાં, સુ-
ડદાલ.
જોર=શક્તિ, બળ, કસ.
કારણ (ના) સબબ,
ભેદ.
દેખાડયું (ક્રિ)બતાવ્યું.
ડહાપણ (ના) ચતુરાઇ.
વસે (ક્રિ) રહે.
સંપે=સંપથી,હળીમળી.
સદા (અ) રોજ, નિત્ય.
સર્વ (વિ) સઘળા, બધા.

(કવિતાની સમજુતી). (૩).

કીડી જરા કાંઇ રજકણ પડી હોય તે પણ એકઠી કરે એવી એ જનાવરની જાત જુઓ, કે બધા સાથે સંઘાતથી કેવી સદા હળીમળી રહેછે.

પાઠ ૯ મો.

વડવાઇ(ના)વડના લાંબા
લટકતા ફાંટા.
છાંયડો (ના) શીળો.
અસલ (અ) અગાઉનું,
જુનું, પહેલું.
ઘટા (ના) રચના, છાયા,
(ઝાડનું ફેલાવું તે,)
કાબર(ના)કલકલ અવા-
જ કરતું કાબરૂં પક્ષી.
ટેટા (ના) વડના ફળ.
આરામ(ના)સુખ, ચેન,
વિશ્રામ.
ઇમારત(ના)ઊંચી બાંધ-
ણીનું ઘર, હવેલી.
થડ (ના) ઝાડનો વચલો
ગોળ ભાગ.
ડાળાં=ઝાડનીશાખા, થ-
ડમાંથીફુટેલીમ્હોટીડાળી
ફાંટા (ના) ડાળામાંથી
ફુટેલા દોરીઓ જેવા
લટકતાં મૂળ.
લટકેછે (ક્રિ) ટીંગાયછે,
લબડેછે.
ભોંય (ના)જમીન,ધરતી.
મૂળ (ના) જડ.
ઓળખતાં(કૃ)પીછાનતાં
પાંદડાં (ના) પાંતરાં.
ફેલાયછે (ક્રિ) પસરેછે,
પથરાય છે.
પશુ(ના)ચોપગાંજાનવર.
રોપ્યું (ક્રિ) વાવ્યું.

પાઠ ૧૦ મો.

વીંછી (ના) ઝેરી જીવડો.
ડંખ (ના) ચટકો.
આંકડો (ના) ઝેરી કાંટો.
વિખ (વિ) ઝેર, સોમલ.
કપાએલું (કૃ) વડાયલું.
ચીપીઆ (ના)પકડવાના
પાંખીઆં.
ચૂસવું (કૃ) સોસવું.
ચાંદી (ના) ફોલ્લો.
સૂજેલું(કૃ)સુઝી આવેલું,
ચડી આવેલું.
ઝેરી(વિ) વિખવાળો.
ભીંત(ના) દીવાલ, કરો.
ફાટ (ના) ચીરો, તડ.
ટાઢક (ના) ઠંડક.
ઉતાવળે (અ) ઝડપથી.
પીઠ (ના) બરડો, વાંસો.
દુઃખ (ના) આપદા.
ઉપાય (ના) ઇલાજ.
ઇજા (ના) દુઃખ, વિપત્ત,
મળે(ક્રિ)ભળે,એકઠું થાય.

અવગુણ (ના) નુકશાન, ગેરફાયદો, બીગાડ.
સંભાળીને (ક્રિ) સાચવીને, તપાસીને.
ફીકર(ના)ચિંતા,સોચના.

પાઠ ૧૧ મો.

છોડીઓ(ના)છોકરીઓ.
વિલાયત (ના) અંગ્રેજલોકનો દેશ.
ખબરદાર(વિ)હોંશિયાર.
સુખી (વિ) સારા, સુખીઆરા.
સરખી (વિ) બરાબરજેવી.
વહાલી (વિ) પ્યારી, હેતવાળી.
જરાએ (અ) લગારે.
રોતી (કૃ) રડતી.
કજીઓ (ના)કંકાસ,ટંટો.
સમજાવીને (કૃ) પટાવીને, ફોસલાવીને.
ઢોર (ના) ચોપગાં જાનવર (મૂર્ખ).
મોટપણે(ના)મ્હોટીઉમરે
બાઈડીઓ (ના) બઈરીઓ, સ્ત્રીઓ. [ડા.
ભાયડા(ના)મરદો,માટી-
ગાંડી (વિ) ઘેલી,નાદાન, અણુસમજુ.

પાઠ ૧૨ મો.

અનાજ(ના)ધાન્ય,દાણો.
પાંજરૂં(ના)પીંજરૂં, પક્ષીનેરહેવાસારૂબનાવેલું સળીઆજડેલું જાળી જેવું ગોળ પીંજરૂં.
પાળવું (કૃ) પોષવું, રક્ષણ કરવું.
અર્થ (ના) માએનો, મતલબ, સ્વાર્થ.
દીઠો (ક્રિ) જોયો.
માળો (ના) પક્ષીને રહેવાનું ઠેકાણું.
ફળ (ના) જાંબુ કેરી દાડમ જમરૂખ વગેરે લીલો મેવો.
જુદાં(વિ) વેગળાં,છુટાં.
ભણાવીએ=શીખવીએ.
મરજી(ના)ઇચ્છા, ખુશી.
સમજે (ક્રિ) જાણે.

પાઠ ૧૩ મો.

અતોલ(વિ)ઘણોજ,જેનો માપ ન થાય તે.
પ્રીત (ના) હેત, માયા.
કાંઠલો (ના) ગળચવો.
સુણતાં (ક્રિ) સાંભળતાં.
નમણું (વિ) નમેલું.
ધાક (ના) બીક, ડર.
મનુષ્ય (ના) માણસ.
અંગ (ના) શરીર, ડીલ.
અથાગ (વિ) ઘણોજ, જેનો પાર નહીં.
મીઠા (વિ) સારા, મધુર.
ઉપજે(ક્રિ)થાય,પેદાથાય.
હરખ(ના)ખુશી, સંતોષ.
કોટે (ના) ડોકે, ગળે.
ધારે (ક્રિ) માને.
હેત (ના) પ્યાર,ચાહા.
કોય(વિ)કોઈ,ગમે તે એક
કાગ (ના) કાગડો.

(કવિતાની સમજુતી). (૪).

પોપટ પાંજરાંમાં બેઠો બેઠો મધુર શબ્દ બોલે છે; તે જેઓ સાંભળે છે તે સઘળાનાં મનમાં ઘણીજ ખુશી પેદા થાય છે. (૧) એની ડોકે કાળો કાંઠલો છે ને નીચું વળેલું નાક છે; તેનું શરીર લીલા રંગનું છે ને

ધણીની ધાસ્તી રાખે છે. (૨) માણુસને માટે તે મધુર શબ્દ બોલેછે, તેથી તેના પર હેત ઘણુંજ આવેછે; માટે ઘણા લોકો હેતથી પોપટ પાળેછે પણ કાગડાને કોઈ પાળતું નથી. (૩).

પાઠ ૧૪ મો.

વચન (ના) શબ્દ, સુકન.
અસર(ના)ફળ,પરીણામ
માન(ના)આબરૂ, ઇજત.
નવાઇ (ના) અચરતી.
આવકાર(ના)આદરમાન.
નીવડવું (ક્રિ) નીકળવું, ઉઠવું. [ખંધાઇ.
ઠોંગાઇ (ના) લુચ્ચાઈ,
વાઘરી (ના) શીકારી, પારધી.
વઢવાડ (ના) લડાલડી.
લુચ્ચાઇ (ના) ઠોંગાઇ, ખંધાઇ.
માઠું(ના)ખરાબ, નઠારૂં.
તપાસ (ના) તજવીજ, તલાસ.
સોબત (ના) સંગત.
શીખામણ (ના) ફાયદાની વાત.
કદી (અ) કોઈવખત.
ભૂલવી (ક્રિ) વીસરવી.

પાઠ ૧૫ મો.

કણબી (ના) હિંદુની એક જાત. (ખેતીનો ધંધો કરનાર).
તન (ના) કાળજી, ચેટક, ધ્યાન.
ધન (ના) દોલત, પૈસો.
અંતકાળ (ના) મરવાનો વખત.
પૂંજી (ના) દોલત, ગાંસડો, દલ્લો.
લાલચ(ના)લોભ, ગળકો.
ખેતી (ના) ખેતીવાડીનું કામ.
દીકરા (ના) છોકરા.
વિચાર્યું (ક્રિ) ધાર્યું.
ડોસે (ના)ઘરડા માણસે.
કેડે (અ) પછી, પુઠે.
આખું(વિ)બધું, તમામ.
વાવ્યા (ક્રૃ) રોપ્યા.
નીપજ (ના) પેદાશ, પાક, આવક.
ઉપજ્યો (ક્રિ) પેદા થયો, નીપજ્યો.
ખરેખરૂં (વિ) જોઇએ તેવું, સાચું, બરાબર

પાઠ ૧૬ મો.

કોણ (સ) ક્યા સખસે?
કૃપાળુ (વિ) મેહેરબાન, દયાળુ.
સુંઘવાને(કૃ)વાસ લેવાને.
પેદા કરવું (ના) જન્મ આપવો, નીપજાવવું.
બનાવ્યું (ક્રિ) નીપજાવ્યું, કર્યું.
ઝાલવાના(વિ)પકડવાના.
સઘળું(વિ)બધું, તમામ.
ઇશ્વરે (ના) પરમેશ્વરે.
કર્યાં (ક્રિ) બનાવ્યાં, પેદા કીધા.
ભલાં(વિ)સારાં, વાજબી રાહે ચાલે એવા.
કોપશે (ક્રિ) ગુસ્સે થશે.
દેખતા (ક્રિ) જોતા.
જાળવે (ક્રિ) સાચવે, તપાસી રાખે.
રખવાળી (ના) બરદાસ, બાલાસ, તપાસ.

પાઠ ૧૭ મો.

ગામ (ના) જ્યાં થોડા ઘરની વસ્તી હોય તે.
શાહેર (નાં) જ્યાં મ્હોટાં મ્હોટાં છોબંધ ને હાર-

બંધ ઘરો હોય તથા
સારાં મ્હોટાં ચૌટાં
હોય તે. [લાં, છોના.
છોબંધ(વિ)છોથી બાંધે-
કોટ (ના) શેહેરને ફરતી
આસપાસ બાંધેલી
મ્હોટી છોની દીવાલ.
જથો (ના) ટોળું.
અડચણ (ના) હરકત.
હારબંધ(વિ) એક પછી
એક સાથે આવેલાં.
સહજ (અ) થોડી મહે-
નતે. [પશુ.
જનાવર (ના) જાનવર,
દરવાજા=મ્હોટાંબારણાં.
જવલે (અ) કોઇ વખત,
કદાચ.
બીક (ના) ધાસ્તી,ધાક.
પાસે પાસે(વિ)સોડેસોડે,
અડોઅડ, નજીક.
ફળીઉં (ના) શેરી.
ગામડું (ના) જ્યાં ઝુ-
પડાં જેવાં થોડાંક
ઘરની વસ્તી હોય તે.
કસ્બો (ના) પ્રગણાનું
મ્હોટું ગામ.
ચૌટાં(ના)મ્હોટાં બજાર.
હાટ (ના) બજાર,દુકાન.
પેસવાનો (વિ) જવા-
આવવાનો.
ઝાંપો(ના) લાકડાં સાથે
કાંટા કરાંઠી વગેરે
બાંધી લઇને બનાવેલું
બારણું.
પેસનીકળ(વિ) આવજા.

પાઠ ૧૮ મો.

ઇંદ્રિયો (ના) શરીરના
ભાગ (આંખ, નાક,
જીભ, કાન, ચામડી.)
આકાર(ના)ડોળ,ચેહેરો.
ધબાકો (ના) અવાજો.
માલુમપડવું(ક્રિ)જણાવું.
વાસ (ના) સોડમ,
સુગંધ. [સવાઓ.
મીઠો (વિ) ગળયો,મીઠા-
લીસી (વિ) સાફ.
સ્વાદ (ના) ચાખવું તે,
જરા મોંમાં નાંખી
તપાસવું.
મઝાની (વિ) સારી.
નાંખી(કૃ) ફેંકી, નાંખી.
સમજો (ક્રિ)ધ્યાનમાં લો.
ટાઢું (વિ) ઠંડું.
ઊનું (વિ) ગરમ.

પાઠ ૧૯ મો.

આંગણું(ના)બારણું,બા
રણા આગળની જગો
ચોખ્ખું (વિ) સાફ,
સ્વચ્છ.
કોહાણ(ના) કોહોવાડો.
રળિઆમણું(વિ)શોભા-
વંતુ, સારૂં.
ગંદવાડ(ના) ગોઝવાડો.
જીવજંતુ (ના) જીવડાં,
મગતરાં.
એંઠવાડ (ના) એઠાં
વાસણ જેમાં રાંધ્યું
ખાધું હોય તે.
ગંદા (વિ) ગોઝા.
ગંધ (ના) ખરાબ વાસ,
નઠારીશુગંધ, બદબો.
ભાજીપાલો (ના) ભાજી
પાંતરાં વગેરે.
માંદા (વિ) આજારી,
બીમાર, કાહેલી.
લાજ (ના) શરમ, એબ
તાવ(ના)તપત, બોખાર.
નીપજે=પાકે, પેદા થાય.
ગંધવેડો=દુર્ગંધનોઢગલો.
ચોખ્ખુ=સાફ, સ્વચ્છ.
વેગળે (વિ) આઘે, દુર.
બાપડા (વિ) બીચારા.
ચોખ્ખાઈ(ના)સુઘડાઈ.
ગુણ=ફાયદો, ખાશીયત.
છોડ (ના)છોડવો, રોપો.
છુટ(ના)જગ્યા;મોકળાસ

પાઠ ૨૦ મો.

ચીર (ના) કપડાં, કીમતી લૂગડાં.
ખાપ (ના) આરસી.
મધપૂડો (ના) મધમાખનો પુડો.

વાન (ના) દેદાર, કદ.
રચે (ક્રિ) બનાવે, ગોઠવે.
સજ્જન=સારા માણસ.
માપ (ના) ભરત, પરમાણુ.
ચોક=ખાળ, મોટીચોકડી

શરીર (ના) દીલ, અંગ.
રૂડો (વિ) સારો, મઝાનો.
દેખીએ (ક્રિ) જોઇએ.
શુદ્ધ=બરાબર, ખરેખરી.
ચિત્ત (ના) મન, ધ્યાન.

(કવિતાની સમજુતી). (૫).

આપણે બધી જણુસો ચોખ્ખી રાખવી ને લૂગડાં પણ ચોખ્ખાં (ધોએલાં) પેહેરવાં, વળી ઘર ને ચોક પણ ચોખ્ખાં રાખવાં કે જેથી આપણું શરીર સદા સુખી રહે. (૧). જુઓ કે મધમાખી મધપુડો, બરાબર માપ રાખી બનાવેછે, તેમાં કાંઈ ડાઘા કે ખોડખાપણ કશુ આપણે દેખતા નથી, તે આરસી જેવો સાફ જણાય છે. (૨). ચોખ્ખાં રેહેવાથી આપણુ મન ખુશ રહે છે, ને તેથી શરીરનો દેદાર વળે છે, વળી ચાર સારા આબરૂદાર માણુસ બેઠેલા હોય તેમાં ચોખ્ખાઇએ કરી (ધોએલાં સાફ લૂગડાં પહેરેલાં હોય તો તેથી) હરકોઇ માણુસને ઘણી આબરૂ મળે છે.

પાઠ ૨૧ મો.

સુંવાળા=પોચા, નરમ.
નાળ (ના) લોઢાના મેખ મારીને પગે જડવાના ગોળ પાટા.
નક્કર (વિ) સંગીન.
બરાડેછે (ક્રિ) આરડેછે.
મજલ (ના) ખેપ, ટપ્પો.
નિર્દય (વિ) ઘાતકી.
ફલંગો (ના) કુદકો.
ખોંખારેછે (ક્રિ) હણુહણે છે, સણુસણેછે.
સીમ (ના) ખેતર, (ખેતરની હદ.)
ભેગો (અ) સાથે, એકઠો.
ચરેછે (ક્રિ) ઘાસ ખાયછે.
વાળ (ના) બાલ, નીમાળા.
છેડે (ના) નાકે.
ગાઉ (ના) કોસ.
બોજો (ના) ભાર. [કેછે.
વહેછે (ક્રિ) ખમેછે, ઉંચકેછે.
ચાકરી (ના) બરદાસ, બાલાસ, સેવા.
માયા=હેત, ચાહેના, પ્યાર
ચાહે (ક્રિ) પ્યાર રાખે.

પાઠ ૨૨ મો.

કાતરા (ના) ઐડકા.
વટેમાર્ગુ (ના) રસ્તે જતો મુસાફર, પંથી [ત.
સંગીન (વિ) નક્કર, મજબુત.
કચુકા=ઠળીઆ, કળીઆ.
ચીકણું (વિ) ચીકવાળું, ચોટે એવું, જબરૂં.

ચિચોડા (ના) ઠળીઆ.
ચોખંડાં(વિ) ચોડા,ચારે બાજુએ સરખા.
ફોરૂં (ના) ટીપું.
ખાટો (વિ) ખટું મડો.
ખટાશ(ના)ખાટો સ્વાદ, ખાટા સ્વાદની ચીજ.
ચોમાસામાં(ના) વરસાદની મોસમમાં.
વરસેછે(ક્રિ)આવેછે. [રસ
બારેમાસ(ના)આખું વ-
ખપ (ના)જરૂર, અગત્ય.
રોજ (અ) નિત્ય,સદા.

પાઠ ૨૩ મો.

અકલ (ના)બુદ્ધિ,સમજ.
ઘણેરી (વિ) ઘણી.
નેક (ના) ટેક, મ્હોટાઈ
મહાલે (ક્રિ) મોજ કરે.
વિશ્વ (ના)જગત, પૃથ્વી.
તસુ (ના) બે આંગળ.
માતા (ના) મા, માજી.
વિખ્યાત (ના)નામીચું.
નવ (ના) નહીં, ના.
તાત (ના) બાપ, પિતા.
મોજ=મઝા, ચેનબાજી.
શાણા=ડાહ્યા, સમજુ.
દીકરી (ના) છોકરી.
નિત્ય (અ) રોજ, સદા.
પર (વિ) પારકું.
ઠામ (ના)ઠેકાણું, જગો.
કેરો (અ) નો, તણો.
સામળ(ના) એક મ્હોટો કવિ થઈ ગયો.

(કવિતાની સમજુતી). (૬).

માને છોકરી (આમલીનું ઝાડ ને તેનું ફળ આમલી) નું એક નામ બુદ્ધિથી જાણ્યું. તેનું તો ઘેર ઘેર ને વળી રોજ સારીરીતે વિવેકથી કામ પડે છે તેમાં મા તો એકની એકજ જગોએ રહે છે. એક તસુ પણ ચાલતી નથી. પણ તેની છોકરી તે બધે દેશ દેશ મઝેથી મોજ કર્યા કરે છે, વળી જુઓ કે તે છોકરીનો છોકરો (ચિચોડો) તે માનો બાપ થાય છે; ત્યારે **સામળદાસ** કવિ કહે છે કે તમે ચતુર નરો સમજી લેજો એતો બધી પૃથ્વિવિષે પ્રખ્યાત છે. (એટલે આમલીના ઝાડની છોકરી આમલી ને તેનો છોકરો ચિચોડો રોપ્યાથી પાછું આમલીનું ઝાડ થાયછે.) ત્યારે એ પ્રમાણે ચિચોડાથી આમલીનું ઝાડ નીપજ્યું તો તે ઝાડનો બાપ કહેવાય.

પાઠ ૨૪ મો.

ચાટલું (ના) આરસી.
રતાંધળો (વિ) રાતે આંધળો, (દીવસે દેખાય ને રાતે જેને નહીં દેખાય તે).
પોપચું (ના) આંખનું ઢાંકણ.
ભમર (ના) ભવાં, આંખના પોપચાં ઉપર કમાનનાંજેવા બાળ છે ત.

ખાળવું (ક્રિ) અટકાવવું.
રજ (ના) ધૂળ, રજકણ.
છાજલી (ના) છજાુ, છાબડી.
સારેછે (ક્રિ) કરેછે.
પાંપણ (ના) આંખના પોપચા સાથે વળગેલા બાલ.
જણસો (ના) ચીજો, વસ્તુ.
ખરેખરો (વિ) બરોબર.
જતન (ના) બરદાસ, સાચવણી.
ઝીણી (વિ) બારીક.
કાણો (વિ) એક આંખે-આંધળો.

દયા (ના) રહેમ, મીઠી નજર.
સાજી (વિ) સારી.
પરમેશ્વર=મ્હોટો ઈશ્વર
પાડ(ના)ઉપકાર, આભાર

પાઠ ૨૫ મો.

કપાસ=રૂનાં નાનાં ઝાડ.
કહેવત=કહેતી, કાહણી.
ઘાટ (ના) ડોળ, આકાર.
બળતણ (ના) બાળવાના લાકડાં, સરપણ.
ભાખરી (ના) ઘઉંના લોટની જાડી રોટલી.
કાંતવું (ક્રિ) લાંબા તાંતણા કરવા.

લટકતાં (કૃ) ટીંગાતા.
કુંભાર (ના) મટોડીના વાસણ બનાવનાર.
વણવું=લૂગડું બનાવવું.
ધાન્ય=અનાજ, દાણા.
કાજે (અ) વાસ્તે, માટે.
તૈયાર (અ) હાજર, તરત કામમાં આવે એવું.
કશું=કંઈપણ, જરાએ.

પાઠ ૨૬ મો.

ધરતી (ના) જમીન, ભૂમી.
થોક (ના) જથ્થો.
ઓઢવા (કૃ) શરીર ઢાંકવા.
ખાંતે (ના) ખુશીથી.
શીરીતે=કેમ, કઈ પ્રકારે

(કવિતાની સમજુતી). (૭).

ખાવા અને પહેરવા ઓઢવાને પરમેશ્વરે આપણને શરીર આપેલું છે હવે જો તે વડે મેહેનત કરીએ તો તેમાંથી રાતા પીળા રંગ (જે જોઈએ તે) મળે. (૧) જમીનમાંથી અનાજ તો બહુ જથ્થાબંધ થાય છે. પણ જો તે જમીનને ખુશીથી ખેડે નહીં તો ખાવાનું શું થાય (અનાજ કેમ પાકે?) (૨). પણ તેમ કરવાને આપણને ઈશ્વરે તેના ઉપાયો આપેલા છે, પણ કહો વાસણ અને બાળવાના લાકડાવિના રાંધી શકાય? (૩).

પાઠ ૨૭ મો.

હાલ (અ) હમણાં.
વખત (ના) વેળા, સમય.
પરઘર (ના) પારકે ઘેર.

શણગાર (ના) શરીરને શોભે એવાં લૂગડાં, ઘરેણાં.
સરસ(વિ) સારા, મઝેના.

કાં (અ) કેમ?
અર્થ (ના) સ્વાર્થ, મતલબ.
ચાકરી (ના) નોકરી.
પેર (ના) રીત, પેઠે.

(કવિતાની સમજુતી). (૮).

માટે હે ભાઈ તે (બળતણુ ને વાસણુ) તું તૈયાર બનાવ, કેમકે તને બીજો કાણ કરી આપે? તારે તારા સ્વાર્થનું (પોષણને વાસ્તે) હમણા તૈયાર થાય. (૧). ઝાડ ઉપર લુગડાં લટકતાં કાંઇ તૈયાર નથી, પણ જો કપાસ વાવી તેપરથી રૂ ઉતારીને તેને કાંતીને વણે તો મઝેનો પહેરવાનો પોશાક બને. (૨). માટે ગમે તે રીતે ઘેર કે પારકે ઘેર (દેશ કે દેશાંતર) મહેનત જો કરે તો ચાકરી કરતાં બાખરી સારી રીતે પામે (મહેનતનો બદલો પરમેશ્વર તેને આપે). (૩).

પાઠ ૨૮ મો.

સાચ(ના)સાચવટ,સાચી વાત.
દેશાઇ (ના) જાગીરદાર, વતનવાળા માણસ.
ઉઠયાં (ક્રિ) નીકળ્યાં.
દાખલા (ના) ઉદાહરણ, દ્રષ્ટાંત.
ચપ્પુ (ના) ચાકુ, છરી.
ગમ્યો (ક્રિ) પસંદ પડયો.
રૂપિઆ(ના)સોળઆનાની કીમતનો રાણીની છાપનો સિક્કો.
છૈઆં(ના)છોકરાં,બચ્ચાં.
લેખણ (ના) કલમ.
વખાણ્યો(ક્રિ)પસંદ કર્યો.
ગમ્યો (ક્રિ) પસંદ પડયો
વહેલો (અ) જલદી.
કાપ (ના) ચીરો.

પાઠ ૨૯ મો.

સાચાબોલુ(વિ)ખરાબોલું, સતવાદી, સાચો.
ધીરજ(ના)સબુરી,શાંતી.
ગભરાવું (ક્રિ) અકળાવું, બીવું, ગાભરા થવું.
ફાડી (ક્રિ) ચીરી.
ખીજયા(ક્રિ)ચીડયા,ખીજવાયા.
છાતી (ના) હૈયું, મન.
ચાંપીને (કૃ) દાબીને.
વહાલુ (વિ) પ્યારૂં, હેતવાળું.
વાંક(ના)તકસીર, ગુન્હો.
અજાણતાં(કૃ)ઓચિંતા.
ઝટ (અ) જલદી, તરત.

પાઠ ૩૦ મો.

સંકટ(ના)દુઃખ,આફત.
ક્રોડ (વિ) હજારો, (સોલાખ).
પરલોક(ના)પારકા લોક, દેવલોક.
હોડી(ના)સઢવાળો મ્હોટો મછવો, ન્હાનું વાહાણ.
સિંધુ(ના)દરીઓ, સમુદ્ર.
રાજ (ના) અમલ, હાકમી, ગાદી.
શુભ(વિ)સારૂં, મંગળીક.
સહીએ(ક્રિ)ખમીએ, સહન કરીએ, વેઠીએ.
દિનરાત (ના) રાતને દહાડો.
સદા (અ)રોજ, નિત્ય.
સરે (ક્રિ) થાય, બને.
ઉપાય (વિ) ઇલાજ.
નક્કી(અ)ખચિત,નિશ્ચય.

(કવિતાની સમજુતી). (૯).

આપણાપર જે દુઃખ આવી પડે તે સહન કરીને બરાબર સાચી વાત કહેવી. ને બીજા લોકોમાં સુખ લઇએ (સાચું બોલેથી સુખ મળે) અને તેથી રાત ને દહાડે સુખી રહીએ. (૧). સાચું બોલવું એ સદા સારૂં છે. જુઠું બોલવાથી ઘણું દુઃખ આવી પડેછે; માટે તમે હજારો ઉપાય કરી આપણું કામ થાય પણ જુઠું બોલવાથી કદી થાય નહીં; કેમકે જુઓ કે કાગળની હોડી બનાવીને તે દરિઆમાં મૂકો તેથી દરિઓ તરાતો નથી (તેમ જુઠું બોલવાથી આપણું કામ કદી થતું નથી. (૩).

પાઠ ૩૧ મો.

ઘેટાં (ના) મેંઢા.
કાતરવું (ક્રિ) કાતર વતી કાપવું.
ધાબળીઓ (ના) ઉનનું પહેરવા ઓઢવાનું લુગડું.
કામળો (ના) ચુમાળો.
ભરવાડ=ઘેટાંચરાવનાર.
શેનો(વિ) કઇ ચીજનો?
દીઠાં (ક્રિ) જોયાં.
નિમાળા(ના)બાલ,વાળ.
ઊન (ના) ઘેટાંના બાલ.
કામળીઓ (ના) નાના-ચુમાળા.
ટાઢ (ના) ઠંડ, હીમ.
બિચારાં (વિ) બાપડા, ગરીબડાં.
ઉનાળો=તાપનીમોસમ.
એશિવાય(અ) એવગેરે, એથી બીજા.

પાઠ ૩૨ મો.

ઝરવું (ક્રિ) વહેવું, ટપકવું.
લીંબોળીઓ (ના) લીમડાનાં ફળ.
રોગ (ના) મરજ,વ્યાધી.
પોપટીઆ (વિ) લીલા, પોપટ જેવા રંગના.
પેટી (ના) નાનો પેટારો.
રાયણ (ના) લીંબોળીના જેવો લીલો મેવો.
ગળી (વિ) મીઠી.
વિખ (ના) ઝેર, સોમલ.
ઓસડ (ના) દવા.
ઠેકાણે (અ) જગોએ.

પાઠ ૩૩ મો.

ધાન્ય (ના) અનાજ.
ઠુંઠું (ના) કણુસલું.
ઉંબી (ના) ઘઉંની કંઠી.
પૈસાદાર (વિ) તાલેવંત માતબર, ધનવાન.
કડબ(ના)જારબાજરીના લાંબા સાંઠાં.
કણુસલું (ના) ઠુંઠું.
પૂળા (ના) કડબના ભારા.
બાજરીઉ(ના)બાજરીનું કણુસલું.
વવાય (ક્રિ) રોપાય.
જાર (ના) જુવાર.
શિયાળો=ટાઢની મોસમ
સાંઠા(ના) અનાજના ઉભા સોટા.
ઢોર=ચોપગાં જાનવર.
મસળેછે (ક્રિ) ચોળેછે.
દળીને (કૃ) લોટ કરીને.
લોટ (ના) આટો.

પાઠ ૩૪ મો.

તલસરા(ના)તલનીશીંગ.
શેરડી (ના)ગળ્યા રસનો સાંઠો.
શીંગ(ના)ફળી.
જવ (ના) એક જાતનું ધાન્ય.
કઠોળ (ના) મગ ચણા વાલ વટાણા વગેરે.
ડાંગર (ના) ભાત.
પોપટા (ના) ચણા ફળી, ધાન્ય,
સર્વે (વિ) સઘળા, બધા.

(કવિતાની સમજુતી). (૧૦).

બાજરીના ડુંડામાં બાજરી ને કણસલામાં જુવાર જોઇએ (થાયછે) તેમ કંઠીમાંથી ઘઊં, ડાંગર ને જવ એ ત્રણ થાય છે. (૧). તલ છે તે તલનાં જીંડવામાં થાય છે, ને કઠોળ એટલે વાલ, વટાણા, મગ, વગેરે શીંગોમાંથી થાયછે. તેમ ચણા ચણાફળીમાં થાયછે, ને શેરડીમાંથી સાકર અને ગોળ થાયછે. (૨). ચોમાસાના ચાર મહિના એટલે (આશાડ, શ્રાવણ, ભાદરવો ને આસો) એમાં જુવાર, બાજરી તૈયાર થાયછે ને શિઆળામાં (કારતક, માગસર, પોસ ને માહા) એ ચાર મહિનામાં ઘઉં ને ચણા થાયછે. (૩).

પાઠ ૩૫ મો.

ધરતી(ના)જમીન, ભૂમી.
કિલ્લા (ના) ઊંચા ગઢ, બુરજ.
નાળાં (ના) વહેતો ઝરો નાની નીક, નદી.
મરડીઆ(ના)છો પકવવાના ધોળા કાંકરા.
પહાડ(ના) મ્હોટા ઊંચા સાથે જોડાઇને લાંબા ગયેલા ડુંગરો.
લુગડાં (ના) કપડાં.
તરસ (ના) સોસ.
મટાડેછે (ક્રિ) દુર કરેછે, હોલવેછે.
ખેતર (ના)અનાજ તથા ઘાસ પાકેછે તે જગો.
કાંઠે (ના) કિનારે.
એકાએક (અ) એકદમ, ઉતાવળે.

પાઠ ૩૬ મો.

રાન (ના) વન, જંગલ,
માણેક(ના) કીમતી જવાહીર.
અનેક (વિ) ઘણા, બહુ.
જામફળ (ના) જમરૂખ.
પદાર્થ (ના) ચીજ, વસ્તુ.
જાંબુ (ના) એક જાતનું ઠળીઆવાળું ફળ,
હીરા (ના) ખાણુમાંથી નીકળતો એકજાતનો કીમતી પદાર્થ.
વન (ના) રાન, જંગલ.
સરખી (વિ) સપાટ, પાધરી.
ધાતુ (ના) સોનું રૂપુ ત્રાંબું કલાઈ વગેરે.
તપેલી (ના) પાતેલી.
લોટા (ના) કળશીઆ.

લોટીઓ(ના) કસલીઓ.
પાળીઓ (ના) ચપ્પુઓ, છરીઓ.
જાત (ના) તરેહ; રીત.

પાઠ ૩૭ મો.

સેવા(ના)ચાકરી,બરદાસ.
જંપવું (ક્રિ)સુખે બેસવું, ઠરવું.
દાઝ (ના) દયા, રહેમ.
જન્મ (ના) જીંદગાની, અવતાર.
ઉછેરતાં(કૃ) મ્હોટાંકરતાં.
પજવતાં (ક્રિ) દુઃખદેતાં.
સંસાર=દુનીઆ, પૃથ્વી.
હેત વહાલ (ના) પ્યાર.
સુખીઉં(વિ) સુખીઆરૂં, સુખી.
દુઃખીઉં (વિ) દુઃખીઆરૂં, દુઃખી.
વેદના (વિ) દુઃખ, પીડા.
ચડાવવું=કબુલ રાખવું.

પાઠ ૩૮ મો.

ગુણ=ઉપકાર, આભાર.
અવસર (ના) વખત,
ટગમગ (અ) ડગમગ, હાલ્યા વિના.
અમાપ (વિ) ઘણો જેનો માપ નહીં.
ઘડી (ના) ૨૪ મિનિટ, ૬૦ પળ.
બરદાસ (ના) સંભાળ.
ઉમર (ના)વય,જીંદગી.
દાસ (ના)ચાકર, સેવક.
ટકતો(ક્રિ)થોભતો,ઠરતો.
ખાજ (ના) ખાવાનું.
લેશ(અ)જરા, જરાપણ.
વેઠીને (કૃ) ખમીને.
ઉપકાર=ગુણ, આભાર.
સમે(ના) વખતે, વેળાએ

(કવિતાની સમજુતી). (૧૧).

જ્યારે બચ્ચું ન્હાનું હતું તે વખતે તેનો પગ (ધ્રુજતો) રહેતો નહિ ને ખાવાનું પણ બરાબર ખવાતું નહીં તેમ પોતાની મળે ઉઠી શકતું પણ નહીં અને મનમાં જરાએ લાજ શરમ હતી નહીં (૧). એવી વખતે બચ્ચાંપર માબાપે દયા આણી, ને દુઃખ પોતે વેઠીને તેને સુખ આપ્યું, એ આભાર બચ્ચાં ઉપર માબાપનો મ્હોટોછે (૨). કોઇ માણસ એવે વખતે જો રોજ બએ ઘડી ચાકરી કરે તો ચાકરી કરાવનાર આખી જીંદગી સુધી તેનો દાસ થઇને રહે (૩).

પાઠ ૩૯ મો.

બાવળ (ના) બાવળનું લાકડું,બાવળના લાકડાનું ઝાડ.
શૂળ (ના) કાંટાવાળી ડાખલી.
પુઠીઆં (ના) પૈડાનેફરતું લાકડાનું ગોળ ચક્કર.
ફૂમતું(ના) રેશમનું ફુલ.
તૂરાશ (ના) ફીકાશ.
કુંડ (ના) છોથી બાંધેલો ગોળ ઝરો.

નાઇડી(ના)નાઇ, પૈડાની વચમાંનું લાકડાનું ગોળ ઢુંગળું.
ખરડા=બાવળની શીંગ.
ઊતરડવું (ક્રિ) સોરવું, ઉતારવું.
આરા (ના) પૈડાની વચમાં ફરતાં લાકડાના ગોળ કકડા.
આળાં (વિ) ગદગદાં, પચપચ્યાં, સુંવાળા.
અથાણું (ના) આથણું.
પૂરા (વિ) બરાબર.
મજબૂત (વિ) ચીકણું, જબરૂં.
ઝરેછે(ક્રિ)વહેછે, ટપકેછે.
ચીકારા (ના) ચીક.

પાઠ ૪૦ મો.

શેખસલ્લી=ખોટા ખોટા બંગ ઊઠાવનાર, ચળેલો માણસ.
તુરંગ (ના) ખોટા ખોટા વિચાર, બંગ.
બહોળા (વિ)ઘણાં, મસ.
ધુણાવવું (ક્રિ) હલાવવું.
માલિક (ના) ધણી, શેઠ
ઘાડવો (ના) માટીનો મોટો ઘડો, વાસણ.
વેપાર (ના) રોજગાર.
મજૂર=વૈતરો, હેલકરી.
ઊઠવા (ક્રિ) આવવા.
કૂકડી (ના) મરઘી.
સારીપેઠે=બહુ, ઘણુંજ.
એકઠા (વિ) ભેગા.
ઊપજશે (ક્રિ) પેદા થશે
કમાઇશ (ક્રિ) રળીશ.
પરણીશ=લગન કરીશ.
ફૂટી (ક્રિ) ભાંગી.

પાઠ ૪૧ મો.

ચણતર=ચણી લેવાનું કામ.
માળીલેવું (ક્રિ) નળીઆ ચઢાવવાં.
ઓશરી (ના) ઓટલી, પગથીઊં.
સાટું=બંદોબસ્ત, કરાર.
હાટડાં (ના) તાકાં.
ભોયરૂં=ઘરના ભોયતળીઆની નીચે ઓરડી જેવું હોય છે તે.
છોવરાવવું=છાદેવડાવવી
મોભ=ઘરના માળનો વચલો આડો થાંભલો
વળીઓ(ના) સાકટીઓ.
વાંસ (ના) જેના ટોપલા ટોપલી વગેરે બનેછે તે (બાંબુ).
કાથો=નાળીએરની છાલની વણેલી દોરી.
પાયો (ના)મૂળ, ટેકણ.
કરા (ના) દીવાલ, ભીંત.
પછીત (ના) પછવાડેની ભીંત.
પાણીઆરૂં (ના) પાણીના બેડાં મૂકવાની ઓટલી.
જાળીઓ (ના) લોઢાના સળીઆ જડેલી બારીઓ.
ભો (ના) બીક, ધાસ્તી.
પરશાળ=પેહેલા ખંડના ભોયતળીઆની જગો
ઝટપટ=જલદી, તાકીદે.
રળિયામણું=શોભીતું.

પાઠ ૪૨ મો.

બિરાજવું=દીપવું, શોભા આપવી.
પાટડા=ભારવટીઆં.
મજાગરાં (ના) ચણીઆરાં, નરમાદાના ચાપડા.
સાગ(ના) સાગનું લાકડું.
છજું (ના), છાજ
છોવાણું (ના) છો દેવડાવવાનું કામ.

ચોરસાં (ના) ચોડા પથ્થર, ચોડી ઈંટ.
લુહાર (ના) લોઢાનો ઘાટ બનાવનાર.
છૂટ (ના) મોકળાસ, જગો.
મેડો (ના) માળ.
મણા(ના) કસર, ખામી.
છીંડી=ખડકી, વાડો.
દાદરો (ના) લાકડાના પાટીઆની નીસરણી.
નીસરણી (ના) વાંસ કે વળીનો દાદર, સીડી
ખુંટીઓ (ના) ખીંટીઓ.
તાકાં(ના) મ્હોટા ગોખલા.

પાઠ ૪૩ મો.

છાજવું=દીપવું, શોભવું.
મેના=મધુર રાગનું પક્ષી.
ગાલીચા=જાજમ, (મ્હોટું કીમતી બીછાનું).
ચૂનાળાં (વિ) ચુનાનાં, ચુનોફેરવેલા.
કઠેરા (ના) લાકડાના પાટીઆ તથા લોઢાની જાળી જડેલો જરૂખો, રવેશ.
ભૂપતિ(ના)રાજા, પૃથ્વીપતિ.
નીર (ના) પાણી, તેજ.
હીંચકા (ના) હીંડોળા. ઝોલો.
ચિત્ર (ના) તસબીર, છબી.
સુડા(ના) પોપટના જેવા લીલાં પીછાનાં પક્ષી.
ખાટ (ના) ખાટલો.
ખુબ(અ) ઘણું જ, મસ.
રૂડાં=સારાં, શોભાવંતા.
ઘડયાં (ક્રિ) બનાવ્યાં.
રસોડાં (ના) રાંધણી, રસોઇખાના.
રૂપાળાં (વિ) શોભિતાં, ખુબસુરત.
ચણ્યાં (ક્રિ) ચણીલીધાં.
દીસે=દેખાય, જણાય.
ખુટે=ઘટે, ઓછું થાય.
મીઠા (વિ) મધુર, મધુરા.
શુદ્ધ(વિ)બરાબર, સાફ.
બેઠકો=બેસવાની જગો.
અગાશી (ના) ધાબું.
સેજ=ઢોલીઓ, પલંગ.
ખાસી(વિ)મજાની,સારી
બીછાવી (ક્રિ) પાથરી.
ભલા(વિ) સારા, મઝેના.

(કવિતાની સમજુતી). (૧૨).

છજા, જાળીઆં, માળીઆં, ઘણાં સારાં બીરાજેછે, ને બારીએ નાનાં બારણાં પણ સારાં દેખાય છે. પાણીના બેડાં મૂકવાની ઓટલીને રાંધવાની જગો પણ શોભિતી બનાવી છે; ને તે ઈંટથી ચણી લઇને તે પર ચુનો ફેરવેલા દેખાયછે. (૧). ટાંકામાં જે પાણી ભરેલાં છે તે કદી ખુટતાં નથી. તેમાંથી લોકો વાંકા વળીને પાણી ખેંચી કાઢેછે; સુડા તે મેનાના જેવા સારૂ, મધુર શબ્દ બોલેછે, જેના પાંજરાં પીત્તળથી જડી લઇને રંગેલાં છે. (૨). બેસવાની જગો, કઠેરા, ને અગાશી સારી બનેલી છે, ને સુવાને વાસ્તે ઢો-

લીઓ તથા મઝાનો હીંડોળા ખાટ છે, તેમ ગલીચા મનને ગમે તેવી રીતે પાથરીને દીવાલના ઉપર રાજાઓની મોટી છબીઓ પાડી છે (૩).

પાઠ ૪૪ મો.

સજડ (વિ) મજબૂત.
હણુહણવું (ક્રૂ) સણુસણવું, ખોંખારવું.
નસકોરાં=નાક આગળ દમ લેવાનાં બે કાણાં.
દાઢ (ના) મોંમા બેવડા દાંત આગળની જગો.
ડાચું (ના) જડબું.
વાચા (ના) ભાન, બોલવાની સમજ.
નરસી=ખરાબ, નઠારી.
પોચો=નરમ, સુંવાળો.
કાણાં (ના) વેહે, છિદ્રો.
જાળવે=સાચવે, તપાસે.
ટેકો (ના) આધાર, મદદ.
ઝીણા (વિ) બારીક.
કડકા (ના)ટુકડા, કકડા.
ભૂકો=ચુગડો,કકડે કકડા.
સાદ (ના)અવાજ, સોર.
બરાડેછે=આરડેછે, પોકારેછે.

પાઠ ૪૫ મો.

ખીજવું (ક્રૂ) ચીડવું.
છેલાઇ (ના) છાકટાઇ, વરણાગી, તોર.
પગરખી (ના) જોડી, ખાસડી.
અટક્ટ (ના) આંટી.
પછડાઇને=અફળાઇને.
અટવાઇને (ક્રૂ) આંટી આવીને.
ખોટૂં (વિ) ખરાબ, નઠારૂં.
અમથી (અ) ખાલી, વગર ખપની.
સ્વભાવ (ના) મીજાજ.
રીસાળ (વિ) તામસી.
પગથીઉં (ના) ઓટલી.
ફેંકી (ક્રિ) નાંખી, લાખી.
વાંસે=પછાડી, પાછળ.
ખાબોચીઉં (ના)નાનો ખાડો.
બગડયાં=ખરાબ થયાં.
ખબર (ના) સમાચાર.
હાલ (અ) હવાલ, દશા.

પાઠ ૪૬ મો.

અદેખાં (વિ) કીનાખોર, ઝેરી.
અવતરવું (ક્રિ) પેદા થવું.
કૂરકુરીઆં(ના)બોકીલાં, ભોટીલાં, કુતરીના બચ્ચાં.
ખારીલાં (વિ) તીખાસ્વભાવના.
ગેલ (ના) લાડ.
ભોટીલાં (ના) બોકીલાં, કુતરીનાં બચ્ચાં.
પૂછડી (ના) પુચ્છ, દુમ.
વાંકી=વળેલી.
આડો (વિ)વાંકો, ઉંધો, કહ્યું માને નહીં તે.
અજાણ્યા (વિ) પારકાં.
ઘૂરકવા (વિ દાંતીઆકરવા, ચીડવા.
લાગ (ના) દાવ, તક.
બચકું (ના) ડાચું, કરડવું તે.
સઘળાં (વિ) બધાં.
જંપે (ક્રિ) સુખે બેસે, ઠરે.
ઊઘડેછે (ક્રિ) ખુલી થાયછે.

પાઠ ૪૭ મો.

ખીલવું (ક્રિ) પાંખડી છુટી પડવી.

અંગ (ના) શરીર, શરીરનો ભાગ.
મૂળીઉં (ના) મૂળ, જડ.
વેહ=બાકું, કાણું, છિદ્ર.
ચૂસે (ક્રિ)સોસે, રસગળે.
નરી (વિ) એોખલી.
પાંદડાં (ના) પાંતરાં.
કળી (ના) ખીલ્યા વગરનું ફુલ.
બતાવું (કૃ) દેખાડું.
વાવીએ (ક્રિ) રોપીએ.

પાઠ ૪૮ મો.

લાગલાગટ (અ) રોજ રોજ, પાંચ સાત દિવસ સામટાં.
ખસખસ=અફીણનાબી
ફણગો (ના) સણગો.
કુળીઓ (ના) કળીઓ.
સીંચીએ (ક્રિ) રેડીએ.
સમજાશે (ક્રિ) ધ્યાનમાં ઉતરશે, ઠસશે.

પાઠ ૪૯ મો.

વહેળો (ના) નાની નદી, નાળુ, ઝરો.
તેડ (ના) તીરે, કીનારે, કાંઠે.
ઉપકાર(ના)પાડ, આભાર
ચટકો (ના) ડંખ.
બદલો(ના)અવેજ, પાડ.
આબરૂ(ના)માન, ઇજ્જત.
ઝાંપ (ના) જાળ, ફાંદો.
તણાતી (કૃ) ખેંચાતી.
દયા (ના) રેહેમ, મેહેર
વળગીને (કૃ) બાઝીને.
દિવસ (ના) દહાડો, દિન.
ઝટ (અ) જલદી, તરત.
ચૂકવું(ક્રિ)ભુલવું, વીસરવું
પરમેશ્વર=મ્હોટો ઇશ્વર.

પાઠ ૫૦ મો.

ડાંગર (ના) ભાત.
ક્યારડા=પાણી ભરાયલા નાના ખાડા, ક્યારા.
પરાળ(ના) ભાતનું ઘાસ.
છાલાં (ના) છોતરાં.
ચોખા (ના) ડાંગર માથી નીકળેલા દાણા.
તરૂ (ના) નાના નાના કુમળા છોડ.
લીલાછમ (વિ) ઘણાજ લીલા (કાચીકેરીજેવા)
દાણા(ના)અનાજ, ધાન્ય.
ખંખેરી (કૃ) ઝાપટી.
ઝાડકે (ક્રિ) વાદઈ કસતરકાઢે, ઊપણે.
નીપજાવે (ક્રિ) પકાવે.
ખેડુત(ના) ખેતીકરનારા.
કરનાર (વિ) બનાવનાર.
ભારે (વિ) મ્હોટો, ઘણો.

પાઠ ૫૧ મો.

માજરી (વિ) ભુરા ડોળા વાળી.
ઘીઆળું (વિ) ઘીએ ચોપડેલું, ઘી ઘાલેલું.
તલપ (ના) ડાકું.
તીણું (વિ) અણીવાળું.
લૂખું (વિ) ઘી વગરનું.
સમજુ (વિ) સમજણવાળી, અક્કલવંત.
વેર(ના)દુશ્મનાઇ, ખાર.
હળવે (અ)ધીમે, આસ્તે.
સૂઝે(ક્રિ)દેખાય, જણાય.
તરત (અ) જલદી.
બગાડ (ના)નુકસાન.

પાઠ પર મો.

બીકણ(વિ)બીએ એવો નરમ, પોચો.
અજાણ્યું (વિ) પારકું, પરદેશી, કોઇ દહાડો જોયલું નહીં તે.
સોડ (ના) બાજુ, પાસે.
સામું (અ) તરફ.
બાઝી (કૃ) વળગી.
ગભરાયો(ક્રિ) અકળાયો.
કાદવ (ના) કીચડ.
ઉઠાડ્યો (ક્રિ) ઉભો કર્યો.

પાઠ ૫૩ મો.

દરિયો=સાગર, સમુદ્ર.

અગરિયો (વિ) મીઠું પકવનાર.
રાશ(ના)મીઠાના ઢગલા.
ક્યારા (ના) ખાડા.
અગર (ના) મીઠું પાકે તે જગ્યા.
ઉસરડવું(કૃ)સાંભરી લેવું.
કાંઠે (ના) કીનારે.
પડ (ના) થર.
ઢગલા(ના) ગંજ.[માટી.
મટોડી (ના) ચીકણી

પાઠ ૫૪ મો.

મેલવું (ક્રિ) મુકવું.
ભણીગણી=લખી વાંચી હોશીઆર થઇ.
કોથળો (ના) પાંચ મણનો બોજો.
ઓહો (અ) અરે! વાહ!
શેરી (ના) ફળીઉં, મોહોલ્લો.
નાકે (ના) છેડે, છેવટે.
મેડીઓ (ના) માળ.
ભાર (ના) બોજો.
એકીવારે (અ) એકદમ.
મેલેલા (કૃ) મૂકેલા.
સહેલથી=થોડી મેહનતે.
ડાહ્યા=શાણા, સમજુ.

પાઠ ૫૫ મો.

પંથ (ના) રસ્તો, ધર્મ.
ખર (ના) ગધેડો.
પાણ (ના) પથ્થર.
એંધાણ (ના) નિશાની.
લહીઓ (વિ) સારા અક્ષરનો લખનારો, બોમિયો, જાણીતો.
છેદાયછે (ક્રિ) ઘસાયછે.
પંડિત=વિદ્વાન, લાહેર.
નીપજે (ક્રિ) થાય, બને.
કપાય(ક્રિ)મટે, દૂર થાય.
ગાઉ (ના) કોશ.
અભ્યાસ (ના) માવરો
કાયર (અ) હેરાન, દુઃખી.
આળસ (ના) સુસ્તી.
તોલ (અ) બરાબર.

(કવિતાની સમજુતી). (૧૩).

માણસ ભણતાં ભણતાં વિદ્વાન થાય, અને લખતાં લખતાં સારા અક્ષરનો લખનારો બને; તેમ રોજ જો ચચાર ગાઉ ચાલ્યા કરે તો લાંબો રસ્તો હોય તે પણ કપાઇ જાય. (૧). પોપટ જેવો પશુ પણ શીખવ્યાથી શબ્દ બોલતાં શીખેછે; તો કાયર થઇને જે માણસ ભણવાથી આળસ કરે તેને ગધેડા જેવો જાણવો. (૨). કૂવા ઉપરના જે કાળા મ્હોટા પથરા, તે રોજ પાણી ભરાવા જતાં દોરડાના ઘસારાથી ધીમે ધીમે ઘસાઇ જાય છે, એ નિશાનીનો દાખલો લો. (એટલે એ પથરા ઘસાયછે તો ગમે એવો કોઇ મુરખ માણસ હશે ને તે મેહ્નત લઇ શીખવા માંડશે તો તેને શું નહીંજ આવડશે? ના, આવડશે.) (૩).

પાઠ ૫૬ મો.

જંગાલ=ત્રાંબાનો કાટ.
જસત } સફેદ મેલારં-
સીસું } ગની ધાતુ.
કાટ (ના) કીટ.
દીઠામાં (કૃ) જોવામાં
નરી=સ્વચ્છ, ચોખ્ખી.
જવલે (અ) કોઇ વખત, કદાચ.
દેવતા=અગ્નિ, વસ્તેવ.
ગાળે (ક્રિ) પીગળાવે.
ચોખ્ખી(વિ)સાફ,સ્વચ્છ.
ભારે(વિ)વજનમાં ઘણી.
ચળકતી (વિ) ઝળકતી.
માંજીને(ક્રિ)અજવાળીને.
ઝાંખું (વિ) તેજવગરનું.
નરમ (વિ) પોચું.

પાઠ ૫૭ મો.

ગદીઆણો(ના)૧૬વાલ, અડધો તોલો.
ઓગળવું(ક્રિ) પીગળવું.
વરક (ના) સોનારૂ પાના છેક પાતળાં પાનાં.
પતરાં(ના)ધાતુને ટીપીને પાતળાં પાના કરેલાં તે
તાર (ના) ધાતુની લાંબી દોરી;
ટીપી (ક્રિ) ટપેરી.
રજ (ના) રજકણ, કણી.
તાવ (ના)આખો કાગળ.
ચીકાશ (ના) ચીક.
વાળ(ના)બાલ, નીમાળા.
મસ (વિ) ઘણો, બહુ.
તાપ (ના) ગરમી.
આંચ (ના) ઝાળ.
યાદ (ના) ફોમ.

પાઠ ૫૮ મો.

ડોસો(ના)ઘરડો માણસ.
અચંબો (ના) નવાઇ.
છેડવું(ક્રિ)અડકવું,બાઝવું.
પૂરો (વિ) બરાબર.
સંપ (ના)એકમત, એકડીલ.
કને (અ)પાસે, સોડે.
ભારી (ના) બચકી.
મંગાવીને=અણાવીને.
કારણ=મતલબ, સબબ.
બળ (ના) જોર, કસ.
સંપસંપીને (કૃ) હળી મળીને.
નબળા (ના)કમજોર.

પાઠ ૫૯ મો.

ટીખળી (વિ) અટકચાળુ, ઢોંગ કરે એવું,તોફાની.
અટકચાળાં(વિ)આડાં, વવળાટવાળાં.
અડપલાં (વિ) અટકચાળાં કામ.
નિરાંત (ના) ચેન, સુખ
ગલોફાં (ના)ગાલ, ડાચાં.
ભૂસકા (ના) કુદકા.
માંકડાં (ના) રાતા મોંના વાંદરાં.
વગડામાં (ના) વનમાં.
ઉઘાડી (વિ) ખુલ્લી.
ચીડાય (ક્રિ) ખીજવાય.
વીંટાળીને (કૃ) લપેટીને.
લટકાવીને=ટીંગાવીને.

પાઠ ૬૦ મો.

બાઇડીઓ(ના)બઇરીઓ
ચંડાળ (વિ) પાપી, દુષ્ટ.
શાહેદ (ના) સાક્ષી.
ઇન્સાફ (ના) ફેંસલો.
અરે (ના) હાય, ફીકર.
દશા (ના) હાલ, હવાલ.
ગળેપડુ (વિ) ધાઇ પડુ, લુચ્ચી, પસર.
વઢવાડ (ના) લડાલડી.
જણીઓ (ના) બાઇઓ.
ફર્યાદ=અરજ, રાવ, દાદ.
કડકા (ના) ભાગ, કટકા.
બરાબર (વિ) સરખા.
હૂકમ (ના) ફરમાસ.
છાનીમાની (વિ) મુગીમુગી.
ઘૂમેઘૂમ(ના)ધાંટે ઘાંટા.
ઊઠાવું (ક્રિ) છોડ્યું, મુક્યું.

ખરી (વિ) સાચી, ખુદ.
હવાલે કર્યો=સોંપી આ-
પ્યો, તપાસી આપ્યો.

પાઠ ૬૧ મો.

વેળા (ના) વખત, સમય.
અઠવાડીઉં (ના) સાતદ-
હાડાની મુદત.
ધ્યાન (ના) ચિત્ત, સરત.
અંગ્રેજ = ગોરા લોક,
ટોપીવાળા, સીનોર.

પાઠ ૬૨ મો.

પહોર (ના) ત્રણ કલાક.
મહિનો (ના) ૩૦દહાડા.
આથમે (ક્રિ) અસ્ત
પામે, ઘેર જાય.
મધરાત(ના)વચલી રાત.
પખવાડીઉં (ના) પંદર-
વારીઉં.

પાઠ ૬૩ મો.

વા (ના) પવન.
શીશી (ના) કાચની
નાની બાટલી.
વીજણો (ના) પંખો.
વાયરો (ના) પવન, વા.
બફારો (ના) પસીનો
પરસેવો.
પવન (ના) વા, વાયરો.
વાશીને=દઇને, ઢાંકીને.
લોટા (ના) કળશીઓ.
થીર (વિ) હાલે ચાલે
નહીં તે, એકની એ-
કજ જગ્યાએ રહે તે.
બોળ્યો (કૃ) ડબોળ્યો
બદલે (અ) જગોએ.
દબાવી (કૃ) બોળી.

પાઠ ૬૪ મો.

લહેરો (ના) વમળ,
લીસોટા.
ગતિ (ના) શક્તિ, બળ.
ધ્રૂજતું (કૃ)હાલતું, કાંપતું.
પ્રવાહી (વિ) પાણી જેવો
નરમ.
જુક્તિ (ના) તદબીર,
હીકમત.
નાદ (ના) અવાજ, સાદ.
ઇશારત (ના) ચિન્હ,
નીશાની, સાન.
સાદ (ના) અવાજ.
કુંડાળાં = ગોળચકરડાં.
ઉપરાઉપરી (વિ) એક
પછી એક.
છેટે (અ) આઘે, દુર.
ફલાણો (વિ) હરેક,
મુકરર કરેલો.
અથડાય (ક્રિ) અફળાય.
ઘાટ (ના) ડોળ, (ઘડીને
કરેલી બનાવટ.)
બહેરાં (વિ) કાને સાં-
ભળે નહીં તે.
ઘડપણ (ના) બુઢાપણ.
જન્મબહેરાં (ના) જન્મે-
ત્યારથી બહેરાં.
મૂગાં (વિ) મોંઢે બોલી
શકે નહીં તે.

પાઠ ૬૫ મો.

ટાટ (ના) શણનું કપડું.
કાગદી (ના) કાગળવે-
ચનારો.
ઘુંટવું (કૃ) મોહોરો દેવો,
સાફ લીસું કરવું.
ખેળ (ના) લાહી.
ધા (ના) ધાયો, દસ્તો.
તા (ના) તાવ, આખો
કાગળ.
સાહેબખાની (ના)
ઉંચાસાહેબ લોકોને
વાપરવા જેવા.
ડોવી દેવું (કૃ) ડબોવવું,
બોળી કાઢવું.
તાવ (ના) આખો કાગળ.
ફટકડી (ના) ફટકી.
ચાળણી (ના) ચાણી,
ઝીણા ઝીણા વેહે-
વાળુ ધાતુનું વાસણ.
પલાળી (કૃ) ભીનાળી.
સફેદ(વિ)ધોળું, ઉજળું.

ઠરીને (કૃ) બંધાઇને.
કરકરા (વિ) ચરબડા, હાથ ફેરવીએ ને લીસા લાગે નહીં તે.
લીસા (ના) સાફ, ધુટેલા.
ઊંચા (વિ) સારા, કીમતી.

પાઠ ૬૬ મો.

મૂર્ખાઇ (ના) બેવકુફાઇ.
દેશાવર (ના) પરદેશ, દેશાંતર.
ફાળ (ના) ધાશકો, ફિકર.
ઝળઝળીઆં (ના) આસુ
ઠોઠમોઠ (વિ) મૂરખ, અણઘડ.
અભણ (વિ) વગર ભણેલો, મૂર્ખ.
નામું (ના) નામ, દફ્તરી કામ.
મથાળું=ઉપલો ભાગ.
ધણી (ના) વર.
ઠેઠ (અ) છેક, નાકે સુધી.
રોવા (ના) રડવા.
માઠી=ખરાબ, મુવાની.
ખબર (ના) સમાચાર.
ઉકેલીને (કૃ) ફોડીને.
રૂઓછો (ક્રિ) રડોછો.
પછવાડેથી (અ) પાછળથી, પછાડીથી.
પસ્તાવો (ના) અફસોસ
લાજી (કૃ) શરમાઇ, લજવાઇ.

પાઠ ૬૭ મો.

અભિમાન (ના) અહંકાર.
નિશાની (ના) એંધાણી, ઇશારત.
સરદાર=સગદાર, ઉપરી.
અસાર (વિ) સાર નહીં તે, નઠારૂં.
રાય (ના) રાજા.
વહેમ (ના) શક, સંદેહ.
ઉર (ના) દીલ, મન.
બકવું (કૃ) લવવું, લવારો કરવો.
સાર અસાર (વિ) સારી નઠારી વાત, સારૂં નઠારૂં કામ.
અક્ષર (ના) હરફ, દસ્કત.
અપાર (વિ) ઘણોજ, જેનો પાર નહીં તે.
જગ (ના) જગત, પૃથ્વી.
વડી (વિ) મ્હોટી.
શીખામણ (ના) ફાયદાની વાત.

(કવિતાની સમજુતી). (૧૪).

મૂરખને માથે કંઇ સીંગડાં ઉગીને તેની નિશાની હોતી નથી પણ જેને સારા નરસાનું કશું ભાન નથી તેનેજ મૂરખ સમજવો. (૧). જેને એક હરફ પણ લખતાં વાંચતાં આવડે નહીં (કાળા અક્ષરને કુટી મારે) ને મનમાં અહંકાર ઘણોજ રાખે તેવા માણુસને પૃથ્વી ઉપર બધા મૂરખાઓનો સરદાર સમજવો. (૨). મ્હોટી મ્હોટી વેહમ ભરેલી ઘણી વાતોનો તે લવારો કરે, પણ તે મૂરખનો **રાજા** કહેલી શીખામણ સાંભળતો નથી. (૩).

પાઠ ૬૮ મો.

...રૂ=મેહેનત, મજુર.
...ળોટવું (કૃ) ગોલાંટ ખાવાં, ગબડવું
...મીર(વિ)મોટા માણુસ.
...ખડો (ના) ખાડો.
...રજ(ના)સબુરી,શાંતી.
...મી=સહી, સહન કરી.
...ડે (ક્રિ)પાછું ફરે,દમે, હારે.
...રજી(ના)ઇચ્છા, ખુશી.
...ખાદેખી (કૃ) જોઇને.
...ક (ના) ગરદન, ગળુ.
...ાર (ના) બોજો.
...ાજ (ના) શરમ.
...ોધી (વિ) પાધરી.

પાઠ ૬૯ મો.

...ડલું(ના)તબેલો. [દાર.
...ાલ(ના)ગબ્બર, પૈસા-
...રૂ=બરાબર,પેટભરીને.
...ાડાવ (ક્રિ) મુકાવ, મેલાવ.
...ખાયો (ક્રિ) જણાયો.
...ાતરતો (ક્રિ) ખોદતો, ખણુતો.
...દ (ના) કારણ, મરમ.
...ન (ના) પૈસા,દોલત.
...રૂ(ના)ત્રાંબાનો બેકડા-વાળો દેગડો.

પાઠ ૭૦ મો.

શેતુર (ના) એક જાતનો-મેવો પીપેરના આકા-રનો થાય છે.
ખદખદતું (વિ)ઉનું ઉનું
અબોટીઆં (ના) રેશમી લુગડાં.
હીરાગળ (વિ) રેશમી.
પતંગીઉં (ના) એક જાતનો જીવડો.
ગજીઆણી (ના) ગજ પનાનું રેશમી કપડું.
તાંતણો (ના) તાર.
મૂગટા (ના) કોરણ વા-ળાં હલકાં બોટીઆં.
મશરૂ (ના) રેશમીકપડું
કોશેટો=ગોળલાંબીદડી.
હીર (ના) રેશમ.
કીડા (ના)લાંબા જીવડા
ભાત ભાતના (વિ)જાત-જાતના.
કીનખાબ (ના) કસબના બુટ્ટાવાળુ રેશમી ઉંચું કપડું.

પાઠ ૭૧ મો.

આખલો (ના) ગોધો, સાંઢ.
મચ્છર (ના) ગણુગણુતો જીવડો.
માતેલો (વિ) જબરો, ધરાયલો, મતબાલો.
નબળો(વિ)કમજોર,લુલો.
સાંઢ(ના)આખલો,ગોધો
આંટો (ના)ચક્કર, ફેરો.
તોબા (વિ)કાયર,કંટાળો.
તુચ્છ (વિ)હલકો, નીચ.
અહંકાર(ના)અભિમાન.
ધરાઇને(કૃ)તરપતથઇને.
ગણુગણુતો(કૃ)ગુણુગુણુ-કરતો.
નીચ (વિ)હલકો, તુચ્છ.
જબરા (વિ) જોરાવાર.
પલક (ના) પળ, ક્ષણુ.
કચરી (ક્રિ) કચડી, છુંદી.
પછાડે(ક્રિ)અફાળે, ઝીકે.
વેદના (ના) દુઃખ, પીડા.
ગાંડો(ના)દીવાનો,ઘેલો.

પાઠ ૭૨ મો.

કરોળીઓ (ના)જાળામાં રહેનારો જીવડો.
હરાવવું (ક્રિ) હફાવવું, જીતી લેવું.
બહેકવું (ક્રિ)છાકી જવું, વધારે બોલવું.
જાળું (ના) ફાંદો, ફાંસો.
જીતવું (ક્રિ) જીતી લેવું, હરાવવું.

શેર (ના) ૪૦ પૈસા ભારનું વજન.
ફૂલાઇ=અહંકારે ભરાઇ
સાંઢીઓ(ના)ગોધો, સાંઢ
બરોબરી (વિ) સરખા સરખી હરીફી.
ગર્વ (ના)અહંકાર.
હસવા (ક્રિ)મજાક કરવા.
નજ (અ) નહીં,ના.
ફાંફાં(ના)ખોટી મેહેનત, વેતલાં.
અટવાતો (ક્રિ) આંટીમાં આવતો.
જીતનાર (ના) જીતીલેનાર, ફતેહ પામનાર.
કેવળ=બીલકુલ, તદ્દન.

પાઠ ૭૩ મો.

કોમળ=નાજુક, કુમળું.
રમૂજી (વિ) ખુશલાગે એવું.
ચંચળ (વિ) હોંશીઆર.
પટા(ના)લીસોટા, કાપા.
રૂવાટાં (ના)ઝીણાંઝીણાં બાલ.
ચીતારો=ચિત્રપાડનાર.

પાઠ ૭૪ મો.

છેતરવું (ક્રિ) ઠગવું.
પાપ (ના) નઠારૂં કામ, નઠારાં નામનો દોષ.
દડીઓ (ના) પડીઓ.
ચૂકવવું (ક્રિ) ભુલાવવું.
કરડી (વિ) આકરી, સખત.
નાત=જમણવાર, વરો.
બગડયું (ક્રિ)તપતભરાયો
સરત (ના)નીધા, ધ્યાન.
છેતરાઇ (ક્રિ)ઠગાઇ.
વહાલી (વિ) પ્યારી.
નાનપણ (ના) બચપણ.

પાઠ ૭૫ મો.

ઘડી (ના) ૨૪ મિનિટ.
પળ (ના) લેહેજો.
તરતું(ક્રિ) અતરંગરેહેતું.
મંદિર=દેરૂં, દેવસ્થાન.
ટકોટંક (વિ) માથાસુધી.
જોષી (ના) જોતિષ વિદ્યા જાણનારા.
ડૂબીજવું (ક્રિ) બુડીજવું.
કોષ્ટક (ના) કોઠો.
માપ=ભરત, પરમાણું.
વાપરતા (ક્રિ) કામમાં આણતાં.

પાઠ ૭૬ મો.

ભારે(વિ)કીમતી, મોંઘી.
મોહર(ના)પંદર રૂપીઆની કીમતનો જુનો સોનાનો શિક્કો.
કસબ=જર, કીનખાબ.
પાલવ (ના) કોર.
વેઢ (ના) વેળીયું.
કંદોરો(ના) કેડેઘાલવાનું ઘરેણું.
કીમત (ના) મુલ, ભાવ.
ઉપડે (ક્રિ) ઉંચકાય.
સુંદર (વિ) સારાં, મઝાનાં.
કંઠી=સોનાની સાંકળી.
તાલેવર (વિ) પૈસાદાર.
તોઇ (ના) શીત.

પાઠ ૭૭ મો.

નાખુશ (વિ) દલગીર.
ટટાર(વિ)સીધો, પાધરો.
ખુશી (ના) હરખ, સંતોષ.
નાખુશી (વિ) દલગીરી.
પોતીકા (સ) પોતાના.

પાઠ ૭૮ મો.

વાચા(ના)ભાન, બોલવાની સમજ.
ભાન(ના)સમજ, અક્કલ.
શામાટે (અ)કેમ? શાને માટે.
પુણ્ય (ના) ધર્મ, દાનનું આશીષ.
કશું=કંઇપણ, જરાએ.

પાઠ ૭૯ મો.

કાંચળી (ના) કાપડું,

બાયડીનું ચોળી જેવું
પેહેરવાનું કપડું.
પીઅર (ના) બાપનું ઘર.
મોસાળ(ના)મામાનું ઘર.
હેત (ના) પ્યાર, ચાહેતા.
હરખ(ના) ખુશી, આનંદ.
ઠેસે (ના) ઠેકરે.
પલળી (ક્રિ) ભીનાઈ.
બગડી (ક્રિ) ખરાબ થઈ.

રીસ(ના)ગુસ્સો, તામસ.
ઉતરી (ના) નરમ પડી.
વાંક (ના)તકસીર, ગુન્હો.
બાપડી (વિ) બિચારી,
ગરીબડી, રાંક.

પાઠ ૮૦ મો.

નિંદે (ક્રિ) બદબોઈ કરે.
બળવંતા (વિ) જોરાવર.
કલેશ=કજીઓ, કંકાસ.
હળતાં(કૃ)હળીને રેહેનાર
સંપી (કૃ) હળીમળી.
સુખચેન=મજા, સંતોષ.
શોક=દલગીરી, પસ્તાવો.
ઘટે (અ) ઓછી થાય.
લેશ (વિ)જરા, જરાપણ.
ગીતો (ના) બાયડીઓ
રાગ કાઢીને ગાયછે તે.
માતા (ના) મા.

(કવિતાની સમજુતી). (૧૫).

આપણે બંને **ભાઈ ને બેહેન** હળીમળીને સંપથી રમીએ તો ઘણું સુખ થાય, લઢી વઢીને કંકાસ કરીએ તો જીવને ઉચાટ થાય, આબરૂ ઓછી થાય, ને વળી લોકો પાછળ બદબોઈ કરે. (૧). જે આપણો બાપ (ઈશ્વર) મ્હોટો જોરાવર છે, તે ઈશ્વર હમે સદા હળીહળીને રહીએ એવું તું કર, કે જેથી નિરંતર સુખમાં દહાડા જાય, અને કોઈ દહાડો જરા પણ કજીઓ કંકાસ થાય નહીં. (૨). જે છોકરા એક બીજા સાથે હળી મળીને રહેતા હોય, ને તે કોઈ દહાડો સામસામાં લડે નહીં તેઓ સાથે રમી જમીને ગીતો ગાયછે તેથી તેમની મા મનમાં ઘણી ખુશ થાયછે. (૩).

પાઠ ૮૧ મો.

ટપકાં (ના) ઝીણાં ટીપાં.
ધૂમસ (ના) ધૂમ્મસ, દવ.
ઝમવું (ના) બધાવું.
બરફ (ના) ઠરીને બંધાઈ
ગયલું પાણી.
કરા (ના) હવામાંથી છુટું
પડીને બંધાયલું પાણી.
રૂપ (ના) ડોળ, કાંતી.
ઠીબ(ના)માટીની ગાગર
કે દોરીઆનો ભાંગે-
લો નીચલો ભાગ.
વરાળ (ના)બાફ,સેવાળ.
તાસક(ના)ઢાંકણું,ધાતુની
રકાબી.
ગગન (ના) આકાશ.
ઠાર (ના) થંડ, હીમ.
વેગળેથી (અ) આઘેથી.
ઝાકળ (ના) ઓસ.

પાઠ ૮૨ મો.

મધ્યમ (વિ) વચલા

વાંધાનું, સાધારણ.
પુષ્કળ (વિ) ઘણું, બહુ.
થેલી (ના) કોથળી.
બરડો (ના) પીઠ, વાંસો.
સાંધા (ના) કટકા.
પાંસળીઓ (ના) પાસા તરફની હાડકીઓ.
ટેકીટેકીને(અ)અઘેલીને, ટેકો દેઇને.
જડબાનાં (ના) ડાચાના.
ઝેરી (વિ) વીખવાળું
ભેગું (વિ) સાથે.
જખમ (ના) કરડેલી કે વાગેલી જગો.
પ્રસરે (ક્રિ) ફેલાય.
ઘટતા (વિ) લાયક, જોઇએ તેવા.
ઉપાય (ના) ઇલાજ.

પાઠ ૮૩ મો.

સિંહ=જનાવરોના રાજા, મોટું ચોપગું પશુ.
જીવદાન=નવો જન્મ.
મહારાજ (ના) મોટા રાજા, રાજાધીરાજ.
કાલાવાલા (ના) ખુશામત, વારેવારે કરગરીને કહેવું તે.
સામર્થ્ય (ના) જોર, બળ.

છાપે (ના) શીળે, ઓળે.
દોડાદોડ (કૃ) દોડ ધામ, નાસા નાસ, ધીંગામસ્તી.
ગુનોહ(ના)અપરાધ, વાંક
માફ (ના) ક્ષમા, જવા દેવું તે.
ચાકરી (ના) સેવા.
ટાળીશ (ક્રિ) મટાડીશ.
શેખી=પતરાજી, વડાઈ.
વન (ના) રાન, જંગલ.
ગરીબડા=કંગાળ, રાંક.
ઘેલો (વિ) ગાંડો,નાદાન.

પાઠ ૮૪ મો.

હાજર (ના) તૈયાર.
તરણું (ના) તંખલું.
બજાવશે (ક્રિ) કરશે.
દાસ (ના) ચાકર, સેવક.
જાળ (ના) ફાંદો.
છૂટાયું (ના) નીકળાયું.
અકળાયો (ક્રિ)ગભરાયો.
બૂમો (ના) પોકાર, ઘાંટા.
બદલો (ના)અવેજ,પાડ.
કાતરી (ક્રિ) કરડી.
પ્રસંગ(ના)વખત,સમય.

પાઠ ૮૫ મો.

સાંઠીઓ-કરાંઠી,સોટીઓ
રેસા (ના) દોરા, કુચા.
ભોયાં (ના) કાઢ્યાં, કર્યાં.

સુતળી (ના) સણના રેસાની દોરી.
ટાટપટી=સુતળીના ટાટ.
દીવાસળી (ના) દીવા કરવાની સળી.
માણસપૂર (વિ) માણસ જેવડાં, માથોડા પૂર.
ઝાઝા (વિ) ઘણાં, બહુ.
ઉપાડી (ક્રિ) ઊંચકી.
મરડીને (કૃ) આમળીને.

પાઠ ૮૬ મો.

શિયાળવાં (ના) શીઆળના બચ્ચાં.
ભૂંગળાં (ના) નળાં.
વાઢ (ના) શેરડી ઉગેલી તે જગો, ખેતર.
બોલ (ના) બોલ, ગુફા, ખંડેર.
ખંડેર (ના) ખંડિઅેર.
મેદાન (ના) લાંબી ચોહોળી ખુલ્લી જગો.
ચોરીથી (ના)ચુપકીથી.
ટોળું (ના) જથ્થો.
મુએલાં (ના) મરી ગએલાં.
કૂકડાં (ના) મરઘાં.
નુકસાન (ના) બિગાડ.
એકાંત (વિ) એખલા.

પાઠ ૮૭ મો.

લોભીઓ (ના) લાલચુ માણસ.
જમણવાર=ન્યાત, વરો.
પડપૂછ (ના) તજવીજ, તલાસ.
લાભ (ના) ફાયદો, નફો.
તપેલાં (ના) પાતેલાં.
સંભાળી (કૃ) સાચવી, તપાસી.
વિઆયાં (ક્રિ) જણ્યા.
બચ્ચાં (ના) છોકરાં.
ભૂલથી (ના) ગફલતથી.

પાઠ ૮૮ મો.

ધુતારા=ધુતી લેનાર, સમજાવી લઇ જનારા.
નાદાન (વિ) ઘેલો, અણુસમજુ.
આદમી (ના) માણસ.
ફરીને (અ) બીજી વખત.
નાત=જમણવાર, વરો.
ખપ (ના) જરૂર, કામ,
ચૂપ (ના) મુગો.
વસતા (ક્રિ) રેહેતા.

પાઠ ૮૯ મો.

વાણ (ના) ભીંડીના રેસાની દોરી.
ફેર (ના) તફાવત, ફરક.
ભીંડી (ના) શણને મળતી જાત.
ગરીબ (વિ) પૈસા વગરના, રંક, નીર્ધન.
ટકાઉ (વિ) મજબૂત.

પાઠ ૯૦ મો.

ખુંધ=ઢેકા, મ્હોટો ટેકરો.
રણ (ના) રેતીનું મેદાન.
રેતાળ (વિ) રેતીવાળી.
ચરબી (ના) જનાવરના ચામડાના પાતળાપડમાંથી જે ચીકણીઘી જેવી વસ્તુ નીકળે તે.
સંદેશો=સમાચાર, કેહેણ
પોષણ (ના) ગુજરાન.
મુસાફરી (ના) ગાડીએ કે પગે ચાલતા એક દેશથી બીજે દેશજવું તે.
સાંઢણી(ના)ઊંટની માદા. (ઝડપથી ચાલનારૂં ઉંટ).
તરેહવાર=અજબ રીતનું, ઓર તરેહનું.
ઝડપ=તાકીદ, ઉતાવળ.
બાવળીઓ (ના) બાવળના કાંટાનું ઝાડ.
સંકડાઇને (કૃ) સંકોચાઇને, દબાઇને.

પાઠ ૯૧ મો.

વનસ્પતિ (ના) લીલોતરી.
વેલા (ના) ભોંયપર પથરાતો છોડ.
બટાટા (ના) અલુખડા.
તાંદળજો=તાંદળીઆંનીકે ચોળાઇની ભાજી.
સૂરણ=એક જાતનો કંદ.
મેથી (ના) મેથીની ભાજી.
રતાળુ=એક જાતનો કંદ.
તળવું=તેલમાં વધારવું.
પોઇ (ના) પોઇની ભાજી.
શકરીઆં (ના) મીઠોકંદ.
અળવી (ના) અળવીની ભાજી.
બાફીને (ક્રિ) પાણીમાં રાંધીને.
કુમળાં=નરમ, સુંવાળાં.
ચડે (ક્રિ) બફાય, રંધાય.

પાઠ ૯૨ મો.

સેકટો (ના) સરગુઓ.
અગથીઓ (ના) અગથીઆના ફૂલનું ઝાડ.
કડો=કડાના ફૂલનું ઝાડ.
લીલવા (ના) બીચ, દાણા.
ફોલીને (કૃ) છોલીને.
સુદ્ધાં (અ) સાથે.
રીંગણાં (ના) વેંગણાં.

પાઠ ૯૩ મો.

પાર (ના) સામો કીનારો.
માછી (ના) ઢીમર, મા-
છલાં પકડનારો.
સઢ (ના) ખાદીઓ ને
સાકટી સાથે સીવીને
વાહણુ ને ચલાવવા
સારૂ બાંધેલી તે.
ખારવા (ના) ખલાસી.
મછવો (ના) નાની હોડી.
હંકારવું=પાણીમાં ચ-
લાવવું.
સીધું=ખાવાનું, ભથ્થું.
હલેસાં (ના) ચાટવાં.
સામાન (ના) ચીજો.
તોપ (ના) મ્હોટી બંદુક.
ચાદરો=ખાદીનીપીછોડી
ભાગ્યે=મુશ્કેલાઇથી
સમાઈ (ક્રિ) માઈ.

પાઠ ૯૪ મો.

રીંછ (ના) બીયામણું
બાલવાળું જાનવર.
બિહામણી (વિ) ભયંકર.
મધમાખ (ના) મધ
કરનારી માખી.
મધપૂડો (ના) મધ-
માખનો પૂડો.
મજબૂત (વિ) જોરાવર.
ભાવે (ક્રિ) સ્વાદ લાગે.
રાની (ના) જંગલમાંની.
ભોગ (ના) કમબખ્તી.
ચટકા (ના) ડંખ.

પાઠ ૯૫ મો.

ભચરડીને (કૃ) કચરડીને.
જવલે=કોઇ વખત.
ભમતાં (કૃ) ભટકતાં.
થાક (ના) મેહેનત,શ્રમ.
પીઠ (ના) બરડો, વાંસો.

પાઠ ૯૬ મો.

હલકી=થોડીકીમ્મતની.
મેળવણી (ના) ભેગ.
કંસારા (ના) ધાતુનાં
વાસણુ બનાવનારા.
કલઇઘડા (ના) કલઇના
વાસણુ બનાવનારા.
ભેગ=મેળવણી.
વાળીએ (ક્રિ) મર-
ડીએ.
દોહણી (ના) કલાઇઓ,
છાસની તામડી.

પાઠ ૯૭ મો.

ગોળીઓ (ના) સીસાની
લખોટી.
છરા (ના) નાની નાની
સીસાની ગોળીઓ.
બંદુક (ના) નાની ટોપ.
કાંતીલોઢું=ચીનાઇ લોઢું.
વોહોરા (ના) હોરા લોકો.
કાંસું (ના) એક જાતની
બરડ ધાતુ.

પાઠ ૯૮ મો.

રત (ના) મોસમ, વખત.
કુંપળ=ફણુગો, અંકાર.
મોર (ના) આંબાનાં ફુલ.
ટેટી (ના) ખડબુચાં.
આંબાગાળો=કેરી ગાળો
કેરીનો રસ કાઢીને
જમવાસારૂ ભાઇબા-
ઇવગેરેને તેડવા તે.
તરબુચ (ના) એક જાતનું
રસદાર ભુરાં કોળા
જેવું મ્હોટું ફળ.
કલ્લોલ (ના) ચેનબાજી.
ટોકા (ના) મધુર શ-
બ્દથી બોલવું તે.
રાએણુ (ના) લીંબો-
ડાના જેવો મેવો.
બફારો (ના) પસીનો.
કોયલ (ના) કાળું મ-
ધુર રાગનું પક્ષી.

પાઠ ૯૯ મો.

ઘમઘોર (ના) ચડી
આવેલું વાદળ તે,
ઘેરાઇ ગયલું વાદળ.
વીજળી (ના) વીજ.
ચમકારા (ના) ઝમકારા.
કડાકા (ના) અવાજ.

ગર્જના (ના) ગડગડાટ.
કાટકો (ના) મ્હોટો અવાજો.
પૂર (ના) ભરતી, રેલ, પાણીનું આવવું.
હેલી (ના) ઝડી, વરસાદ બે ચાર દિવસ સામટો આવે તે.
દુકાળ(ના)અનાજ પાણી નહીં મળે એવો વખત, કટ્ટી મોઘવારી.
તર (ક્રિ) તરપત થાયછે, બરાબર પલ્લેલી.

પાઠ ૧૦૦ મો.

કપાશીઆ=કપાસનાબી
ટૂંઠવાવું=ટાઢે સીકડાવું.
કાલાં=કપાસનાં જીંડવા.
ડગલી (ના)નાની બેત્રડી અંગરખી.
હિમ (ના) ટાઢ, ઠંડ, ઠાંઠળ.
તેજાનો (ના) મસાલો.
સઘડી (ના) કાણાં કાણાંવાળું માટીનું દેવતા રાખવાનું વાસણ.
ફૂંડાળું=ગોળચકરડું.
તાપણી=ઘાસ બરોડા કરાંઠીવગેરેનું બળતું.
મહા મહા=ઘણું ઘણું.

પાઠ ૧૦૧ મો.

ચૂડા=બાયડીઓ હાથે પેહેરેછે તે.
દુશ્મન (ના) શત્રુ, વેરી.
રમકડાં (ના) બાળકને રમવાની ચીજો.
ઉપાડે (ક્રિ) ઊંચકે.
અટપટી (વિ) અઘરી, છુટે નહીં એવી.

પાઠ ૧૦૨ જો.

છત=સીલક, સંઘરો.
ભઠ્ઠી(ના)દેવતાનોઆરો.
ગોતર (ના) અનાજના છાલાં છોતરાં વગેરે
કસણવું=ચોળવું, ગુંદવું.
લોંદો=લપકો, લચકો.
પણો (ના) ઝીણી રેત.
ચોકઠું(ના)ચોખંડોસંચો
અલગ (અ) અંતરગ. હાલે નહીં એમ.
જરૂર=પરવા, દરકાર.

પાઠ ૧૦૩ જો.

કોલ (ના) કેલ, છોકેમાટીને પરાળીને ગારો કરેલો તે.
મટોડું(ના)ચીકણીમાટી
આધારે (ના) આશરે.

પાઠ ૧૦૪ થો.

ખલાશી (ના) ખારવા.
વહેરવું (ક્રિ) કરવતવતી ચીરવુ,પાટીઆંપાડવાં
કામડાં (ના) વાંસનેચીરીને બે ભાગ કરેલા તે
કરાઇ (ના) લાકડાં વહેરનારો.
મોતીઆં (ના) નેવાંઆગળની લાંબી લાકડાંની પાટલી.
સરડવું (ક્રિ) કામડાં ભરી લેવા.
પકવાશા (ના) લાકડાંની પાતળી ચીપો.
વળી (ના) સાકટી.
ભારોટીઆ(ના) પાટડા.
લગ (ના) ગે, સાકટો.
ઢાળ (ના) નીચેઢોળણુ.
પીઢીઆં=જાડા સાકટા.

પાઠ ૧૦૫ મો.

ઓજાર(ના)હથીયાર.
કહોડ=લુહારની પેઢી.
ગજવેલ (ના)ખરૂં લોઢું.
અન્ન=અનાજ, દાણો.
એરણ (ના) જેના ઉપર સોની, લુહાર વગેરે ટીપેછે તે.
ધમણ (ના) દેવતાસળગાવવાને ફુક મારવાની ચામડાની ગુણ.

કોશ (ના) નરાજ.
બરડવાં(ના) ચાપડા.
સામાન (ના) ચીજો.
પાળી(ના) ચપ્પુ, છરી.

પાઠ ૧૦૬ ઠ્ઠો.

ઠેઠ (અ) છેક.
સાંસા (ના) તંગી,વાંધા.
નિરાશ (વિ) ના ઉમેદ.
ગબડવું (ક્રિ)ઢળી પડવું.
સાંકડો (વિ) નાનો
નિકાલ=છુટકો, તોડ.
વસમો (વિ) અઘરો.
અડોઅડ (અ) પાસે-પાસે.
ડુંગર (ના)મ્હોટો ટેકરો.
ટેકરી (ના) નાનો ડુંગર.
ચોતરફ(અ) આસપાસ, ચારે બાજુએ.
માર્ગ (ના) રસ્તો, રાહ.
કદાપિ(અ)કોઇ વખત.

પાઠ ૧૦૭ મો

તમાશો (ના)ખેલ,રમત.
ચતુરાઈ ના) ડાહાપણ.
વખાણવું (ક્રિ) તારીફ કરવી, સારૂં કહેવું.
અંતે (અ) છેલ્લે, છેવટે.
વાળ્યો (અ)મરડયો.
સંકડાઇને (ક્રિ) સંકોચાઇને, દબાઇને.

સમજણ=સમજ, બુદ્ધિ.
હઠ (ના) જીદ, મમત.
જીવ (ના) પ્રાણ,આત્મા.

પાઠ ૧૦૮ મો.

જીંડવાં (ના) દીંડવા.
રેંટીઓ (ના) રેંટ.
ચરખો (ના) કપાસમાંથી કપાસિયાંસાથે રૂ જુદાં પાડવાનો નાનો રેંટિઓ.
ખાદી (ના) દોટી, જાડું કપડું.
સુતરાઉ=સુતરનું બનેલું.
મલમલ (ના) ઝીણું ઉંચુ લુગડું.
પોત (ના) કુમાસ.
જગંનાથી(ના)એક જાતનું ઝીણું લુગડું.
માદરપાટ (ના) સફેત ઘટ કુમાસદાર લુગડું.
છૂટા (વિ) જુદા, નોખા.
બાસ્તો (ના) એક જાતનું કપડું.

પાઠ ૧૦૯ મો.

બિંબ (ના) કીરણ.
લાલાશ (ના) રતાશ.
કરોડ (વિ) સોલાખ.
ગાઉ (ના) કોશ.

તેજ (ના) નુર, ચળકાટ.
ઝાડપાલો (ના) ઝાડનાં ઝીણાં પાંદડાં.
ગરમી ના) તાપ.

પાઠ ૧૧૦ મો.

ચંદ્રમા (ના)ચાંદ, ચાંદો.
અળાઓ(ના)વાંકો કાપો, આવી રીતે. ( ))
દર્પણ (ના) આરસી.
પૂનેમ (ના) પંદરમીતિથી
અમાસ (ના) મહિનાંનો છેલ્લો દીવસ.
પૃથ્વી (ના) ગ્રહનું નામ, દુનિઆ.
મુદ્દલ (વિ) બીલકુલ, જરા.

પાઠ ૧૧૧ મો.

ઘડીઆળ (ના) વખત જાણવનો સંચો.
મધરાત(ના)વચલી રાત.
કલાક (ના) ૨ાા ઘડી.
અંગ્રેજી=અંગ્રેજ લોકનું.
અવર (ના) કલાક.
મિનિટ (ના) ૨ાા પળ.
ભાગ=હિસ્સો, પાંતી.

પાઠ ૧૧૨ મો.

આભલાં (ના) વાંદળાં.
ગ્રહ (ના) સ્થીર તેજનો તારો.

જલદ=તીક્ષ્ણ, કસદાર.
અજ્ઞાન (વિ) વેહેમવાળા ભોળા, સમજણ વગરના.
ફાળ (ના) ધારતી.
સેંકડો (વિ) સો, હજારો.
એકાદ(વિ)એક, કોઇપણ.
નવુંજૂનું=ફેરફાર, આફત,જોખમ,કજારજા.
પૂછડીઆ=પુછડીવાળા.

પાઠ ૧૧૩ મો.

મેલીએ (ક્રિ) મૂકીએ.
ઓછું (વિ) થોડું,જરાક.
વરાળ (ના) બાફ,સેવાળ.

પાઠ ૧૧૪ મો.

મેહ (ના) વરસાદ, મેઘ
તરશ (ના) શોષ.
કૃપા (ના) મેહેરબાની.
ઘટેછે (ક્રિ) લાયક છે.

પાઠ ૧૧૫ મો.

સર્વવ્યાપક (વિ) બધે ફેલાયલો.
આભાસ (ના) ઉજાસ.
ખોળવું (ક્રિ) શોધવું.
અંતર=દીલ, ભીતર.
આકાશ=વાદળ, ગગન.
ચાસ (ના) હળે કરીને ખેતરમાં જે લીટા પાડેછે તે.
કણી (ના) રજ, રજકણ.
વિશ્વપતિ (ના) જગતનો ધણી, પરમેશ્વર.
આસપાસ=આસેપાસે.
વાસ(ના)રહેઠાણ,મુકામ.
ઘાટ (ના) વેતરણ, તોડ.
તાત (ના) બાપ, ધણી.
જગકર્તા (ના) જગતનો બનાવનાર, ઇશ્વર.
ઠાલું (વિ) ખાલી, અમથું.

(કવિતાની સમજુતી). (૧૬).

આપણી આસેપાસે **આકાશમાંને** ઘાસ તથા ચાસનીપાસે પણ **પરમેશ્વર** છે એવું મનમાં જણાયછે. (૧). આપણે ભોંયતળીઆં નીચે ભોંયમાં પેશી કંઇ છુપી વાત કરીએ મનમાં કંઇ ઘાટ રચીએ (દગાનો કે કોઇને મારવાનો), તે બધું જગતનો બનાવનાર **ઇશ્વર** જાણેછે. (૨). એક જરા જેટલી રજ છુપાવવાને વાસ્તે આપણે ખાલી જગ્યા શોધીએ તો કેથે પણ **પરમેશ્વર** વિના કોઇ **જગ્યા** ખાલી માલમ પડતી નથી .(૩).

પાઠ ૧૧૬ મો.

શ્વાસ (ના) દમ, સાસ.
નાડી (ના) નાડ, ધ્વની.
મુડદું=લોથ, લાસ, સબ.
અણુસમજુ (વિ) વગર સમજના, નાદાન.
ખાતરી(ના)નીશા, ખાતરજમા.

પાઠ ૧૧૭ મો.

ભાવ (ના) હોંસ, ઉમંગ.
કૂડી (ના) નઠારી, માઠી.
ઠાઠ (ના) ભપકો, દોર.
ઠાલો=ખાલી, અમથો.
ભેદ (ના) કારણ, પડદો.
આળ=તોહોમત, બટો.
છળ (ના) દગો, કપટ.
છુપાવવું=છાનુંરાખવું.
શીખ (ના) શિખામણ.

પળી (ના) ધોળા બાલ, પળીઆં, સફેતી.
રૂડી (વિ) સારી, મઝાની.
ઠગાઈ (ના) ઠગબાજી, છળભેદ.
ખડેલું (કૃ) આખડેલું.
ડાઘ=કલંક, દૂષણ, એબ.
ગળી (ના) નામોશી (એક જાતનો કાળો રંગ).

(કવિતાની સમજુતી). (૧૭).

હું તમને સુખે સારી શીખામણ શીખવું તે ધ્યાનમા લો, પણ નઠારા લોકોની નઠારી શીખામણ માનો નહીં; ઊમંગથી ભણો ને છુપી વાતના ભેદ મનમાં સમજો, ને હે બાળકો એ વાતની અરે તમે મનમાં રાખો. (૧). નઠારી ચાલ ન ચાલો ને સારી ચાલ ચાલો, ને ઠગબાજીનો ખાલી ઢોંગ તમે મૂકી દો; કોઇનું ઘરેણું રસ્તામાં પડેલું કે કયે આખડેલું હોય, તે તમને જડે તો તુરત જઇને કોહો કે હમને જડેલું છે. (૨). જે માણસ કપટીથી કે હીકમતથી કોઇને છેતરીને વાત છાની રાખે તો તેથી તેની આબરૂ ઘટે ને લોકોમાં કાળીટીલી આવે; પછી જ્યાંસુધી સફેદ પળીઆં આવે (મરે ત્યાંસુધી) તે ગળીનો ડાઘ કેમ કર્યો છુટતો નથી, એટલે (કાળી ટીલી આવી હોય તે મટતી નથી.) (૩).

પાઠ ૧૧૮ મો.

વસ્તુ (ના) ચીજ.
પ્રાણી (ના) જેને જીવ-છેને જે અહીંથી ત-હીં ફરી શકેછે તે.
મૂલક (ના) દેશ.
સુદ્ધાં (વિ) સઘળાં,બધાં.

પાઠ ૧૧૯ મો.

મોગરો (ના) એકજાતનું સફેદ ખુશબોદાર ફૂલ.
ગળપણ (ના) મીઠાસ.
ચંબેલી (ના) એક જાતનું સફેદ ફુલ.
સુગંધી(વિ)વાસ, સોડમ.
સાધારણ (વિ) વચલા વાંધાની, મધ્યમ.
સોરમ=સુગંધ, ખુશ્બો.
પુરૂષ(ના) મરદ, ભાયડો
ભલમનસાઈ(ના)દાનાઇ, સાલસાઇ, ભલાઈ.
પોચાઈ(ના)નરમાશપણું.

પાઠ ૧૨૦ મો.

રસળવું (ક્રિ) ભટકવું.
વાણોતર (ના) ગુમાસ્તો, મેહેતો.
ઉઘરાણી (ના) આપેલા પૈસાની માગણી.
પીતાંબર (ના) ઉનું રેશમી બોટીઉં.
જાન(ના)ગામડે જવાનો લગનનો વરઘોડો.
નુકશાન (ના) ગેરલાભ.
દળણાં (ના) લોટ દળ-વાનું મજુરીનું કામ.
વેલા(ના)આપદા,વીપત.
કાપડીઓ (ના) દેશીવા-

ણીઓ, કાપડવાળો.
જ(વિ)હલકો, થોડો.
ગાર=મુસાફરો, મહીનો.
લ (ના) સોદો.
યદો (ના) ઠરાવ. ઠેર-
વેલો દહાડો.

પાઠ ૧૨૧ મો.

બરખ (ના) એકજાત-
નો સફેદ પારદર્શક
પડવાળો પથ્થર.
દારી (ના) ખેલ કરનાર
બાજીગર, નટ લોકો,
સર્યા (ક્રિ) નીકળ્યાં.
ધા (વિ) સસ્તાં.
ર (વિ) દર, એકેક.
ગન (વિ) ખુશ.
ખવ્યું (ક્રિ) ગણ્યું,
ગણકાર્યું.
જા (ના)રમૂજ, ગમત.

પાઠ ૧૨૨ મો.

હસ્થ(ના)મ્હોટા કુળનું
આબરૂદાર માણસ.
માળવા (કૃ) તપાસવા.
ડાભીડ (ના) કચડાક-
ચડી.
પાઇને (કૃ) દબાઇને,
સેલું (કૃ) દીધેલું.
ડોશી (ના) પાડોના
ઘરમાં રહેનારા.

ઉદાસ (વિ) દલગીર.
વીલે(વિ)ઝાંખે,ઝંખવાણે
રજા(ના) છુટ, બરતરફી.
ઠપકો (ના) દોશ.
ફેરો (ના) ચક્કર, આંટો.

પાઠ ૧૨૩ મો.

સ્વર (ના) અથી અઃ સુ-
ધીમાંના ગમે તે એક
અક્ષર.
બારાખડી (ના) પદ.
તોતડા (વિ) બોબડા.
વ્યંજન(ના)ક-થી-ળ સુ-
ધીમાનો ગમે તે એક
અક્ષર.
જોડાક્ષર (ના) જોડેલા
દસ્કતો. [તોછડું
અતડું (વિ) ખરાબ,
શબ્દ (ના) બોલ.

પાઠ ૧૨૪ મો.

ભાન (ના) વકુફ,સમજ.
ટેરવું (ના) ટેભું, અણી.
અવાળુ (ના) અગાડી-
ના ઉપલા દાંત ઉપર-
ની સુંવાળી જગો.
સ્પર્શ (ના) ખુલ્લું, સાફ.
વાક્ય (ના) બે અથવા
તેથી વધારે શબ્દ એ-
કઠા થયાથી જે ઈ-
બારત બંધાયછે તે.

અડાડીને(કૃ) અડકાડીને.
ઉઘાડવું (કૃ) ખુલ્લું કરવું.

પાઠ ૧૨૫ મો.

કાળજી (ના) ધ્યાન, ની-
ઘેબાની, ચેટક.
કબૂલત(ના)કરાર, વચન.
મુચરકો (ના) કબુલાતનો
લેખ, દસ્તાવેજ.
ભેળી (કૃ) મેળવી.
વિરામચિન્હ (ના)વિસા-
મો લેવાની નિશાની.
અટકવું (ક્રિ)થોભવું.
ટપકું=ઝીણું મીડું, બિંદુ.
ગુનેગાર (ના) અપરાધી.
દરજી (ના) મેરાઈ, સુધ.
ચોખ્ખું(વિ)સાફ,ખુલ્લું.

પાઠ ૧૨૬ મો.

જવાબ (ના) ઉત્તર.
સંભાળ=તપાસ; નીઘા.
ઢબ (ના) રીત, છટા.
પ્રત્યેક=દરએક, હરેક.
શુદ્ધ (વિ) ખરો. સાફ.
ઉતાવળ (ના) તાકીદ.
મહાવરો (ના) આખેપ.
નિયમ(ના)ધારો, કાયદો.
ધાંટો (ના) સાદ, સોર.

પાઠ ૧૨૭ મો.

બાળબોધ(ના) બ્રાહ્મણી.
લિપિ(ના) ભાષા, બોલી.

અનુસ્વાર=મીંડું, બિંદુ.
ગૂજરાતી=ગૂજરાતની
સળંગ=આખી, બધી.
ધર્મપુસ્તક=ધર્મની વાતની ચોપડી.
મૂળાક્ષર (ના) પેહેલા શરૂઆતમાં શીખવાના દસ્કતો.
ધોરણ (ના)રીત, રસ્તો.
બ્રાહ્મણી(ના)બાળબોધ.
બોલી (ના) ભાષા, લિપિ.
ઓળખવાને(કૃ) પીછાનવાને, જાણવાને.

પાઠ ૧૨૯ મો.

ઈનામ(ના)શીરપાવ, ખુશીબદલ કંઇ બક્ષીસ આપવું તે.
વિશ્વાસ (ના) ભરોસો.

પાઠ ૧૩૦ મો.

મુશ્કેલ (વિ) અઘરૂં, મુશીબત.
ક્રમેરવી (ક્રિ) વધારવી.
જોખવું (ક્રિ) તોળવું.

પાઠ ૧૩૧ મો.

ચતુર(વિ) શાણો, ડાહ્યો.
ઝવરી (ના) હીરા માણેક વગેરેનો વેપારી.
ઝવેરખાનું (ના) હીરા માણેક મોતી વગેરેનો ભંડાર ભરેલો તે.

પાઠ ૧૩૨ મો.

ધનવાન (વિ) પૈસાદાર
ફેલ (ના) ઢોંગ, ધતુંગ.
ફોસલાવી (ક્રિ) પટાવી, સમજાવી [માગનારો.
ફકીર (ના) સાંઈ, ભીખ
ધમકાવીને (ક્રિ) ધુરકી આપીને,ધમકી દઇને.

પાઠ ૧૩૩ મો.

ભાળો (ક્રિ) જુવો.
કાગ (ના) કાગડો.
પાંખાળો(વિ)પાંખવાળો
રૂપાળો(વિ)સારો, મધુર.
ભોળું (વિ) નીખાલસ, કપટી નહીં તે.
ખળ (વિ) લુચ્ચું, કપટી.
લક્ષણ=ગુણ, આચરણ.
દીસેછે (ક્રિ) દેખાયછે.

(કવિતાની સમજુતી). (૧૮).

ઝાડપર માળો બાંધવા બેઠો એવા એક કાગડાને જોયો, તે બે પાંખવાળો બોલતો હતો પણ તેનો રાગ સારો હતો નહીં.

પાઠ ૧૩૪ મો.

આંકડા=અંક, નંબર.
તરેહ (ના) રીત, પ્રકાર.
પુસ્તક(ના)ચોપડી, ગ્રંથ.
મેળવી (ક્રિ) સરખાવી, મુકાબલા કરી.

(વરસના બાર મહિના.)

૧ કાર્તિક. ૨ માગશર. ૩ પોસ. ૪ મહા. ૫ ફાગણ. ૬ ચૈતર. ૭ વૈશાખ. ૮ જેઠ. ૯ અસાડ. ૧૦ શ્રાવણ. ૧૧ ભાદરવો. ૧૨ આસો.

(અઠવાડીઆના સાત વાર.)

૧ રવીવાર. ૨ સોમવાર. ૩ મંગળવાર. ૪ બુધવાર. ૫ ગુરૂવાર. ૬ શુક્રવાર. ૭ શનીવાર.

મહિનાના પખવાડીઆ બે (પહેલું શુદ અથવા અજવાળીઉં બીજું વદ અથવા અંધારીઉં) મહીનાના અઠવાડીઆં ચાર.

(પખવાડીઆના પંદર તિથિઓ.)

૧ પડવો. ૨ બીજ. ૩ ત્રીજ. ૪ ચોથ. ૫ પાંચેમ. ૬ છઠ. ૭ સાતેમ. ૮ આઠેમ. ૯ નોમ. ૧૦ દશેમ. ૧૧ અગિઆરશ. ૧૨ બારશ. ૧૩ તેરશ. ૧૪ ચૌદશ. ૧૫ પુનેમ. વદમાં ૩૦ અમાસ.

પલાખાં.

૨૯	× ·॥	=	૧૪॥	૮૫	દો	=	રૂ ·।।। ૧૦
૫૯	× ·॥	=	૨૯॥	૨૦૦	,,	=	રૂ ૨
૯૦૦	× ·॥	=	૪૫૦	૨૮	પા	=	દો ૧॥
૩૮	× ·।।।		૨૮॥	૪૯	,,	=	દો ૩-૧
૬૮	× ·।।।	=	૫૧	૬૦	,,	=	દો ૩।।।
૪૦૦	× ·।।।	=	૩૦૦	૫૬	× ૧૦	=	૫૬૦
૨૮	× J—	=	રૂ ૭॥	૯૮	× ૧૦	=	૯૮૦
૫૯	× J—	=	રૂ ૩॥=	૨૧૦	ના	=	૭
૬૦૦	× J—		રૂ ૩૭॥	૨૮૫	,,	=	૯॥
૨૫	દો	=	રૂ ·।	૪૦૦	,,	=	૧૩।

મુંબઈ:—ડાહ્યાભાઈ જગજીવનદાસ, ભુલેશ્વર, શીરંગીના દેવળ પાછળ, માધવજી બેરાગના માળામાં.

,, એન. ડી. મેહેતાની કું૦, કાળકાદેવીના રસ્તાપર, બુદ્ધિવર્ધક સ્કુલપાસે.

સુરત:—નગીનદાસ ફકીરભાઈ, સગરામપુરાના ટેકરાપર.